॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ડીસેમ્બર - ૨૦૧૫ ❋ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



ભાવનગર શહેરને આંગણે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું

નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો...

પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે

## મંગલ શિલાન્યાસ મહોત્સવ

૧૮-૧-૨૦૧૬ (પોષ સુદ-૯) સોમવાર







અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. ૧૦૮શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

:: પ્રયોજક તથા વક્તા ::

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

પ્રારંભ ૧૧-૧-૨૦૧૬

પુર્ણાહુતિ ૧૯-૧-૨૦૧૬

સ્થળ : 'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર' માર્કેટીંગ યાર્ડની સામે, ચિત્રા, ભાવનગર

# પ.પૂ. લાલજી મહારાજશ્રીનું USA સત્સંગ વિચરણ - ૨૦૧૫





































૧-૨-૩. વર્જીનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો પૂજન-અર્ચન-અભિષેક તેમજ અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪-૫-૬. વર્જીનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાયલે તુલસી વિવાહ (તા.૨૬ થી ૨૯-૧૧-૨૦૧૫). ૭-૮-૯. સ્કેન્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા. ૬/૭-૧૨-૨૦૧૫). ૧૦-૧૧-૧૨. ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા' (તા. ૧૧ થી ૧૩-૧૨-૨૦૧૫)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

**વર્ષ : ૩, અંક : ૧૨, તા. ૨૦-૧૨-૧૫**

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અમૃતવાણી

ધનુર્માસમાં ભગવત્પૂજનનો વિધિ બતાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગિજીવનમાં આ પ્રમાણે કહે છે :- "હે પુત્રો ! સૂર્ય ધનુષ રાશિમાં પ્રાપ્ત થયે સતે ધનુષ્ લગ્ન (રાશિ)માં ભગવાનને ઉના જળથી અભ્યંગ-સ્નાન કરાવીને તેમજ સગડી મૂકીને નિત્યપ્રાપ્ત શણગાર ધરાવવા. ભગવાનને નૈવેદ્યમાં તલે સહિત ચુરમાના લાડુ, માખણ, દહીં, ઘી, વૃન્તાકનું ભરથું (ઓળો) તથા ખીચડી, કઢી અને મૂળા સમર્પણ કરવા. બાજરીના રોટલાને ઘીમાં બુડાડીને પછી નીચે અને ઉપર ધોળા તલ વેરવા, એવો રોટલો નિવેદન કરવો. તેમજ ભગવાનના ગુણો યુક્ત કીર્તનો ગવડાવવા." આ પ્રમાણે ધનુર્માસનો વિધિ કહ્યો છે. -ભગવાન શ્રી સ્વામિનારાયણ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગૌરવવંતી ભૂમિ ગોહિલવાડની ગુણિયલ ગાથા | ૦૪ |
| ૨. | ભાવનગરમાં શ્રી નીલકંઠ વર્ણી સ્વરૂપે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૦૬ |
| ૩. | ખુમાણોની ભાવનગર રાજ્ય સાથેની તકરારનું સમાધાન કરાવતા દાદાખાચર | ૦૯ |
| ૪. | ગઢડામાં શ્રીજીમહારાજના દર્શને પધારતા ભાવનગર નરેશ વજેસિંહજી | ૧૧ |
| ૫. | ભાવનગર નરેશ વજેસિંહજીને ત્યાં પધારતા ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૧૪ |
| ૬. | ભાવનગરમાં પધારતા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ | ૨૨ |
| ૭. | ભાવનગરમાં નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો શુભારંભ | ૨૪ |
| ૮. | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૮ |


**નોંધ : ભાવનગરના વિશેષ પ્રસંગો આગામી ચિંતન અંકમાં માણીશું.**

હમારા લક્ષ્ય
વિશ્વ કા કલ્યાણ હો...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્યઅમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 200 (યુ.એસ.એ), : £ 125 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**Visit us :** www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

**E-mail :-** chintankaryalay@gmail.com




# ગૌરવવંતી ભૂમિ
# ગોહિલવાડની ગુણિયલ ગાથા

**સાધુ અમૃતસ્વરૂપદાસજી** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

મારવાડના ખેરગઢથી સૌરાષ્ટ્રમાં આવેલા **ગોહિલ** રાજવંશના **મૂળપુરુષ** સેજકજીએ સાયલા પાસે **સેજકપુર** વસાવી ત્યાં પ્રથમ ગાદી સ્થાપી. પછીથી રાણપુર, ઉમરાળા, ઘોઘા, શિહોર અને ત્યારબાદ **ભાવનગર રાજ્ય**ની **સ્થાપના** ઈ.સ. ૧૭૨૩, સંવત ૧૭૭૯ના વૈશાખ સુદ - ૩ (અખાત્રીજ)ના રોજ વડવા ગામ નજીક મહારાજ ભાવસિંહજી (પહેલા)એ કરી હતી. જે હાલ **'ભાવનગર'** તરીકે ઓળખાય છે. ભાવનગર રાજ્યનો **વિસ્તાર** કરવામાં મહારાજા વખતસિંહ (ઈ.સ. ૧૭૭૨ થી ૧૮૧૬)નું **યોગદાન** મોટું છે. આપત્તિના સમયમાં ભાવનગરના રાજવીઓએ પ્રજાને હંમેશા **ઉદાર હાથે** મદદ કરી છે. ભાવનગરના **રાજવીઓ** તથા તેમના **દીવાનો** જેવા કે ગગાભાઈ ઓઝા, શામળદાસ અને સર પ્રભાશંકર પટ્ટણી ખૂબજ **પ્રજાવત્સલ** હતા.

દરિયાઈ વ્યાપારની સાનુકુળતા અને વ્યૂહાત્મક અગત્યતાને ધ્યાનમાં રાખીને રાજધાની માટે આ ભાવનગર શહેર સ્થળને પસંદ કરવામાં આવ્યું હતું. આમ, સ્વાભાવિક રીતે જ ભાવનગર શહેર ભાવનગર રજવાડાની **રાજધાની** બન્યું. જૂના ભાવનગરની **રચના** સૌરાષ્ટ્રના બીજા અગત્યના શહેરો તરફ ખુલતા દરવાજાવાળા કિલ્લા ધરાવતી હતી. બે દાયકા સુધી એ આફ્રિકા, મોઝામ્બિક, ઝાંઝીબાર, સિંગાપુર અને આરબ જેવા દેશો સાથે **વ્યાપારી સંબંધ** ધરાવતું અગત્યનું બંદર બની રહ્યું હતું.

મહારાજા ભાવસિંહજીએ રાજ્યને **દરિયાઈ વ્યાપાર**થી ફાયદો થાય તેવી **વ્યવસ્થા** કરી. જેમ કે, તે સમયે બધો જ દરિયાઈ વ્યાપાર સુરત અને ખંભાત હસ્તક હતો. સુરતનો કિલ્લો જંજીરાના સીદીઓના કબ્જામાં હતો એટલે ભાવસિંહજીએ સવા ટકાનો ભાગ સીદીઓને આપીને ભાવનગર બંદરેથી વ્યાપાર થાય એવી વ્યવસ્થા ગોઠવી હતી. સુરતનો કિલ્લો જ્યારે એ પછી અંગ્રેજોના કબ્જામાં આવ્યો ત્યારે ભાવસિંહજીએ એમની સાથે પણ એ જ પ્રકારનો કરાર કરી ભાવનગરનો વિકાસ ચાલુ રહે તે માટે પ્રયત્ન કર્યો. આમ, ભાવનગર એક નાનકડા રજવાડામાંથી એક અગત્યનું **રાજ્યતંત્ર** બની ગયું.

ભાવનગર રાજ્યની રાજવી પરંપરા : (૧) મહારાજા રતનજી (૨) મહારાજા ભાવસિંહજી (પહેલા) (૩) મહારાજા અખેરાજજી (બીજા) (૪) મહારાજા વખતસિંહજી (૫) મહારાજા વજેસિંહજી (૬) મહારાજા અખેરાજજી (ત્રીજા) (૭) મહારાજા જસવંતસિંહજી (૮) મહારાજા તખ્તસિંહજી (૯) મહારાજા ભાવસિંહજી (બીજા) (૧૦) મહારાજા કૃષ્ણકુમારસિંહજી (૧૧) મહારાજા વીરભદ્રસિંહજી (૧૨) મહારાજા વિજયરાજસિંહજી (૧૩) યુવરાજ

જયરાજસિંહજી.

ભાવનગર રાજ્યના **છેલ્લા રાજવી** પ્રજાવત્સલ, ન્યાયપ્રિય એવા શ્રી **કૃષ્ણકુમારસિંહજી**એ સ્વતંત્ર ભારતના **એકીકરણ** કરવા માટે સરદાર વલ્લભભાઈ પટેલને **સૌપ્રથમ** પોતાનું **રાજ્ય** આપ્યું હતું. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભારતના **એકમાત્ર** એવા રાજા હતા કે, જે પ્રજામાં અપાર લોકચાહના ધરાવતતા હતા. તેઓના નામની આગળ માત્ર મહારાજા કે રાજવી નહીં, પરંતુ **પ્રાતઃ સ્મરણીય** એવું **બિરુદ** લગાડવામાં આવે છે.

હિન્દુસ્તાનને આઝાદી બાદ **અખંડ રાષ્ટ્ર** તરીકે જોવાના સરદાર વલ્લભભાઈ પટેલના **સ્વપ્ન**ને સૌપ્રથમ **સાકાર** કરવામાં ભાવનગરના મહારાજ કૃષ્ણકુમારસિંહજીએ અપ્રતિમ **યોગદાન** આપ્યું. તેઓએ ૧૫મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ પોતાની સઘળી સંપત્તિ સાથે ભાવનગર રાજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ચરણે ધરી દઈ પ્રથમ **પુનિત આહુતિ** આપી હતી.

(નોંધ :- આગામી આ 'ચિંતન' અંકોના માધ્યમથી મહારાજા કૃષ્ણકુમારસિંહજીના **પ્રેરણાત્મક પ્રસંગો**ને માણીશું.)

આ એ જ **ભાગ્યશાળી ભોમકા** છે કે જેના ઉપર **પરબ્રહ્મ પરમાત્મા** ભગવાન **શ્રીહરિના પદપંકજ** અંકિત થયા...!! આ એ જ પુણ્યશાળી ગોહિલવાડની ભૂમિ છે કે, જેના **ગઢપુર ગામ**માં જેને પોતાનું **ઘર** માનીને સં.૧૮૬૧ થી ૧૮૮૬ સુધી બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે **સત્સંગબાગ**ને ખીલવ્યો હતો.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરા પર પધારી અનેક ગામો, નગરો, જંગલો અને નેસડાઓને પોતાની પદરજ દ્વારા **ધન્યભાગી** કર્યા છે. એમાંનું જ એક **મહાગુણિયણ** નગર એટલે જેની ખમીર, ખાનદાની, ખુમારી અને પ્રજાવત્સલતાના દાખલા કચ્છ-ગુજરાત અને કાઠિયાવાડના આબાલવૃદ્ધ તમામ જાણે છે એવા **ગૌરવવંતા ગોહિલો**ની રાજધાની **ભાવનગર.**

➠ આ એ જ ભાવનગરની ઐતિહાસિક પવિત્ર ભૂમિ છે : જ્યાં નીલકંઠ વર્ણી સ્વરૂપે વિચરણ કરતા **ભગવાન શ્રી સ્વામિનારાયણ** ૧૮ વર્ષની ઉંમરે સને સં. ૧૮૫૫માં સૌપ્રથમવાર પધાર્યા હતા. વલ્લભીપુરથી શિહોર ગૌતમકુંડમાં સ્નાન કરી ભાવનગરના **વડવા વિસ્તાર**માં દેવજી ભગતની **ધર્મશાળા**માં ત્રણ દિવસ સુધી રોકાયા હતા.

➠ સં. ૧૮૬૧ની સાલમાં જ્યારે **ભગવાન શ્રી સ્વામિનારાયણ**નો પ્રભાવ સર્વત્ર વિસ્તરી રહ્યો હતો ત્યારે અનેક રાજાઓએ આપેલા અનેક ખિતાબો અને બહુમાનોથી સજ્જ તેમજ પોતાના કવિત્વ અને ચાતુર્યના ગર્વથી છલકાતાં લાડુદાનજીને, ગોહિલવાડની રાજનગરી ભાવનગરના રાજદરબારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વપ્રથમ **નામ** સાંભળવા મળ્યું હતું. અહીંથી જ એક **પડકાર** ઝીલીને કવિરાજ ભગવાન શ્રી સ્વામિનારાયણનો તાગ મેળવવા ગઢપુર દોડી આવ્યા હતા. પરંતુ ભગવાનપણું પારખવા આવેલા **લાડુદાનજી** ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં જ રોકાઈ ગયા, હંમેશને માટે. લાડુદાનજી બન્યા બ્રહ્માનંદ સ્વામી. ભગવાન શ્રી સ્વામિનારાયણના **પ્રથમ પંક્તિના પરમહંસ** બનવાની એ **ઐતિહાસિક યાત્રા** ભાવનગરના રાજમહેલમાંથી જ આરંભાયેલી.

➠ સં.૧૮૮૧ થી ૧૮૮૩ના સમયગાળા દરમ્યાન ભાવનગર રાજ્ય સામે બહારવટે ચડેલા જોગીદાસ ખુમાણે ભાવનગરના મહારાજા વજેસિંહ બાપુની **ઊંઘ હરામ** કરી નાખી હતી. જોગીદાસને વશ કરવામાં સૌ નિષ્ફળ નીવડ્યા ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણના આશિષથી દાદાખાચરે વજેસિંહજી બાપુ અને જોગીદાસ ખુમાણ વચ્ચે **સમાધાન** કરાવ્યું હતું. ગઢપુર આવીને જોગીદાસે ભગવાન શ્રી સ્વામિનારાયણના **શુભાશિષ** પ્રાપ્ત કર્યા હતા અને બહારવટું સમેટી લીધું. રાજ્યમાં **શાંતિ** સ્થપાઈ ગઈ. ગોહિલવાડમાં શાંતિ સ્થાપનાર ભગવાન સ્વામિનારાયણનું આ **ઋણ** ચૂકવવામાં મહારાજા વજેસિંહજી તેઓના દર્શને ખાસ ગઢડા પધાર્યા હતા.

➠ સં.૧૮૮૫માં વજેસિંહ બાપુએ ભાવનગરમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની **પધરામણી** કરાવી હતી. ભાવનગરમાં ખૂબજ ધામધૂમથી દબદબાભેર **શોભાયાત્રા** યોજીને શ્રીજીમહારાજનું **ભવ્ય સ્વાગત** કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતના પ્રેમી હરિભક્ત આત્મારામ દરજીએ બનાવેલી ડગલી ભગવાન શ્રીહરિએ ધારણ કરી હતી, જે સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ નગરયાત્રામાં જ જાણે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાવનગર પર **દિવ્ય દૃષ્ટિ** કરી સત્સંગનો **ભૂપૃષ્ઠ** તૈયાર કર્યો ! તેમજ વજેસિંહ બાપુ પાસે ગઢપુર મંદિરનો **પાક્કો લેખ** તૈયાર કરાવી ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદાખાચર અને મંદિર સંબંધી આવતા **વિઘ્નોનું નિવારણ** કર્યું હતું.

➠ ભગવાન શ્રી સ્વામિનારાયણને સંતોને ભણાવવા માટે **મહાભારત**ના **ગ્રંથ**ની જરૂર હતી અને તે ગ્રંથ ભાવનગરમાં કાશીરામ વિપ્રને ત્યાં હતો, પરંતુ તે ગ્રંથ લેવા સારુ ત્રણ-ત્રણ વખત પ્રાગજી દવે અને લખીરામ દેરાસરીને મોકલ્યા છતાં જ્યારે મહાભારત ગ્રંથ નથી મળ્યો ત્યારે શ્રીજીમહારાજે **ખુશાલ ભટ્ટ** (સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી)ને મોકલી તેમના દ્વારા કાશીરામ વિપ્રને પ્રતાપ દેખાડી મહાભારત ગ્રંથ મેળવ્યો હતો.

➠ ભાવનગર પાસે આવેલા **પાણવી** ગામના **પૂંજા ડોડિયા**ને ભગવાનના દર્શન કરવાની તાલાવેલી લાગી ત્યારે ગોપનાથ પાસે આવેલા નકલંક મહાદેવના લિંગને બાઝી પડ્યાં. ત્યારે આકાશવાણી થઈ કે, 'સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયા છે, તે તને ટૂંકસમયમાં જ મળશે

અનુસંધાન પેજ નંબર - ૨૬ પર




# ભાવનગરમાં શ્રી નીલકંઠ વર્ણી સ્વરૂપે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, નીલકંઠ વર્ણી સ્વરૂપે ૧૮ વર્ષની ઉંમરે સં. ૧૮૫૫ સને ૧૭૯૯માં સૌપ્રથમ ભાવનગર શહેરમાં પધાર્યા હતા.

સમગ્ર વિશ્વની પ્રજા દુઃખથી પીડાતી. પુનઃ પુનઃ આવા પાપાચારથી સ્વયં પૃથ્વી પણ **ત્રાહિમામ્ ત્રાહિમામ્** પોકારી ગઈ. એવા સમયે યુગો પહેલા અનેક શાસ્ત્રોના માધ્યમથી આ બ્રહ્માંડના જીવાત્માઓને પરબ્રહ્મ પરમાત્માએ જે વચન આપ્યું હતું કે, કળિયુગમાં હું **સ્વયં** જન્મ ધારણ કરીને અનેક જીવાત્માઓને મારું **સ્વરૂપજ્ઞાન** કરાવીશ અને **આત્યંતિક કલ્યાણ** કરીશ. તે વચનને સત્ય કરવા માટે યોગ્ય સમય જાણી, બદ્રિકાશ્રમમાં દુવાર્સામુનિના શાપને નિમિત્ત બનાવી સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ને દિવસે ઉત્તર કોશલ દેશ (ઉત્તર પ્રદેશ)માં અયોધ્યાથી ૩૦ કિ.મી. દૂર નાનકડા એવા **છપૈયા** ગામમાં અતિ પવિત્ર, ધર્મનિષ્ઠ સરવરિયા બ્રાહ્મણ ધર્મદેવ અને ભક્તિદેવી થકી સ્વયં સર્વનિયંતા, સર્વકારણ, સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આ ભૂમંડળ પર **પ્રાગટ્ય** પામ્યા.

બાળપ્રભુ શ્રી ઘનશ્યામે છઠ્ઠીના દિવસે કાલિદત્ત દ્વારા મોકલાયેલ અસંખ્ય કોટરાઓને હનુમાનજી દ્વારા નાશ કર્યો. ત્રણ વર્ષ સુધી છપૈયામાં અનેક **બાળચરિત્રો** કરી, કાળીદત્તનો વધ કરી, માતા-પિતા અને મોટાભાઈ રામપ્રતાપજીની સાથે અયોધ્યામાં પધાર્યા. અયોધ્યામાં પણ અનેક બાળલીલાઓ કરી. ૭ વર્ષની ઉંમરે **યજ્ઞોપવીત** ધારણ કરી. ૮ વર્ષની ઉંમરે પિતા ધર્મદેવની પાસેથી જ વેદ, ઉપનિષદ, ન્યાય-મીમાંસા, ભાગવત, રામાયણ, મહાભારતાદિક સર્વ શાસ્ત્રોનો **તલસ્પર્શી અભ્યાસ** પૂરો કરી દીધો. ગુણગ્રાહી બાળપ્રભુએ **શાસ્ત્રઅધ્યયન** પછી મહાભારતમાંથી વિષ્ણસહસ્રનામ, વિદુરનીતિ અને ભગવદ્ ગીતા, સ્કંદપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય, શ્રીમદ્ ભાગવતમાંથી દશમ અને પંચમ સ્કંધ અને ધર્મશાસ્ત્રોના સારરૂપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું આલેખન કરી **સુંદર પુસ્તક** તૈયાર કર્યું. (જે નિરંતર પોતાની પાસે જ રાખ્યું. તે સંપ્રદાયમાં **'ગુટકો'** તરીકે પ્રસિદ્ધ છે) ને દશમે વર્ષે કાશીમાં ભરાયેલી પંડિત પરિષદમાં પ્રકાંડ પંડિતોને તત્ત્વજ્ઞાનની ચર્ચામાં મહાત કરી, **ઝળહળતો વિજય** મેળવી

સૌને અચંબામાં મૂકી દીધા!

દિવ્ય ચરિત્ર કરતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે પોતાનો અવતાર હેતુ સિદ્ધ કરવા માટે વનગમન વિષે વિચાર્યું. ભક્તિમાતાને અધ્યાત્મ જ્ઞાન આપીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. ત્યાર પછી ધર્મપિતાને દિવ્ય જ્ઞાન આપીને અક્ષરધામમાં નિવાસ કરાવી દુર્વાસાના શાપથી મુક્ત કર્યા. હવે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે વનમાં તપ કરીને શાશ્વત ધર્મનું સ્થાપન કરવા માટે ગૃહ ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈ તથા ભાભી સુવાસિનીબાઈ તથા નાનાભાઈ ઈચ્છારામને અટૂલા મૂકીને ૧૧ વર્ષની કુમળી વયે હિમાલયનો માર્ગ પકડ્યો.

અષાઢ સુદી દશમની વહેલી પ્રભાતે **બ્રાહ્મમુહૂર્ત** થયું ત્યારે અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયુ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એટલે એ માસુમ બાળકે **સાહસભર્યો રસ્તો** લીધો. ગાંડીતૂર બનેલ સરયુ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર ડગલાં માંડ્યા. વહેલી સવારે સર્વ વસ્ત્ર-અલંકારો ઉતારી, આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, મૃગચર્મ, પલાશનો દંડ અને શ્વેત યજ્ઞોપવીત ધારણ કરી. જટા, મુંજની મેખલા, જપમાળા, કમંડલું, પાણી ગાળવા માટે વસ્ત્રનો ટુકડો, શાલિગ્રામ અને પોતાની નિત્યપૂજાના બાલમુકુંદ અને સત્શાસ્ત્રનો ગુટકો એટલી વસ્તુ લઈ પોતાના સંબંધીઓ અને મિત્રોને સૂતા મૂકીને માત્ર ૧૧ વર્ષની વયે ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, કંઈપણ આશા નહિ ને વનની ગહરી વાટે, અનેક સાધકોને યુગોની સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, તીર્થોને સ્વતીર્થાટનથી મહાતીર્થત્વ અને તારકત્વ દેવાને કાજે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા. હવે ઘનશ્યામ **નીલકંઠ** બની ગયા.

અયોધ્યાનો ત્યાગ કરી ...અનેક સાધકોને સાધનના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, ઘણાક દિવસ ફરતા ફરતા...નીલકંઠ વર્ણી

- સં. ૧૮૪૯ શ્રાવણ સુદ -૧, તા. ૨૯-૪-૧૭૯૨ રવિવારે - હરિદ્વાર પધાર્યા.

- સં. ૧૮૪૯ શ્રાવણ વદ - ૮, તા. ૧૦-૮-૧૭૯૨ શુક્રવારે એક વટવૃક્ષ નીચે રાત્રિનિવાસ તથા શ્રી હનુમાનજી દ્વારા ભૈરવનો પરાજય કર્યો.

- સં. ૧૮૪૯ ભાદરવા સુદ - ૪, તા. ૨૧-૮-૧૭૯૨ મંગળવારે - નીલકંઠ વર્ણી આજ રોજ લક્ષ્મણ ઝૂલામાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ ભાદરવા વદ - ૧ થી ૩૦, તા. ૧-૯-૧૭૯૨ થી ૧૬-૯-૧૭૯૨ સુધી નીલકંઠ વર્ણી ગુપ્તપ્રયાગ અને કેદારનાથમાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ આસો સુદ - ૯, તા. ૨૪-૯-૧૭૯૨ સોમવાર, આજ રોજ વર્ણી બદ્રિનાથમાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ કાર્તિક વદ - ૮, તા. ૭-૧૧-૧૭૯૨ બુધવાર, આજ રોજ નીલકંઠ વર્ણી બદરિકાશ્રમમાં ઋષિમુનિઓને સ્વદર્શન દેવાને કાજે પધાર્યા હતા.

- સં.૧૮૪૯માં નીલકંઠ વર્ણી માનસ સરોવર (ચીન)માં વિચરણ કરતા હતા.

- સં. ૧૮૫૦ ભાદરવા સુદ - ૮ના રોજ ઋષિકેશમાં વિચરણ કરતા હતા.

આ રીતે હિમાલયના બર્ફીલા પહાડોની વચ્ચે ઘણાક દિવસ ફરતા ફરતા...નીલકંઠ વર્ણીએ

- સં. ૧૮૫૦ કારતક સુદમાં તા. ૧૪-૧૧-૧૭૯૩ ગુરુવારે પુલહાશ્રમમાં બે મહિના અને ૨૦ દિવસ કઠોર **તપશ્ચર્યા** કરી હતી.

- સં. ૧૮૫૧માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા થકા ગોપાળયોગીના આશ્રમમાં રહી દશ માસ **યોગવિદ્યા** શીખ્યા હતા.

- સં. ૧૮૫૨માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા, **નવલખા પર્વત** ઉપર જઈ વર્ષોથી સાધના સાધતા નવલાખ યોગીઓને સાધનાના ફળરૂપે **સ્વદર્શન** દેવા પધાર્યા.

- સં. ૧૮૫૩ કારતક સુદ - ૧માં બંગાળમાં સીરપુરના સિદ્ધવલ્લભ રાજાને દર્શન દેવા પધાર્યા હતા.

- સં. ૧૮૫૩ કારતક સુદ - ૧૫ થી જેઠ મહિના સુધીમાં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા થકા પૂર્વથી દક્ષિણ ભારત તરફ કામાક્ષીદેવીના મંદિરે પિબેકનો ઉદ્ધાર કરી, જગન્નાથપુરી (ઓરીસ્સા)આવ્યા. ત્યાં દસ માસ રોકાયા અને ત્યાં અનેક અસુરોને પરસ્પર મરાવી માનસપુર આવ્યા.ત્યાં સત્રધર્મા રાજાને દર્શન આપી વેંકટાદ્રિ (તીરૂપતિ બાલાજી-આંધ્રપ્રદેશ) આવ્યા. ત્યાંથી નીકળી માર્ગમાં સેવકરામને કૃતઘ્ની જાણી ત્યાગ કરી આગળ ચાલતા ચાલતા ઘણા ઉપવાસ થયા તેથી શરીરમાં લોહીનું બુંદ રહેવા ન પામ્યું. વાગે તો પાણી નીસરે આવી કઠોર તપશ્ચર્યા કરતા મહાપ્રભુ નીલકંઠ વર્ણી ઘોરજંગલમાં આવ્યા ત્યારે કાપડી વેશમાં શિવ-પાર્વતીએ સાથવો જમાડ્યો. ત્યાંથી કાંચીપુર, શ્રીરંગક્ષેત્ર આવ્યા, ત્યાંથી રામેશ્વર, ભૂતપુરી, (તામિલનાડુ) વગેરે **તીર્થસ્થળોમાં વિચરણ** કરતા હતા.

- સં. ૧૮૫૪માં કન્યાકુમારી, લંબેનારાયણ, પદ્મનાભ,

જનાર્દન, આદિકેશવ, શ્રીરંગપત્તનમ્, યાદવગિરિ, મેલુકોટે, કિષ્કિંધા, સ્ફટિકશિલા, ચક્રતીર્થ, શબરીવન, પંપાસર, પંઢરપુર વગેરે **સ્થાનો**માં નીલકંઠ વર્ણી **વિચરણ** કરતા હતા.

- સં. ૧૮૫૫માં પુના, નાસિક, દંડકારણ્ય, ત્ર્યંબકેશ્વર થઈ ગુજરાતની ધરતીમાં પ્રવેશ કરતા થકા **સુરત** શહેરમાં પધાર્યા હતા. તાપી નદી, નર્મદા નદી, મહી નદી ઉતરી...

સં. ૧૮૫૫ ફાગણ સુદ - ૧, તા. ૧૭-૩-૧૭૯૯ સોમવારે નીલકંઠ વર્ણી વડતાલમાં પ્રથમવાર પધાર્યા. ત્યાંથી બુધેજ, ગોરાડ, વડગામ, ભડિયાદ, ધોલેરા, ગોરાસુ, વાગડ, ખરડ, ઝીંઝર, ભીમનાથ, પોલારપુર થઈને વલ્લભીપુર પધાર્યા.

**'વળા ગામ ગયા વનમાળી, નાથે પ્રાચીન જગ્યા નિહાળી...'** આ પ્રાચીન સ્થાન હતું તેથી ત્યાં થોડો સમય રહ્યા. ધૂંધળીમલે દટ્ટન સો પટ્ટન કરી નાખેલી આ નગરીની કાયાપલટ નીલકંઠ મહાપ્રભુએ જોઈ. વલ્લભીપુરમાં જ્યારે બૌદ્ધ ધર્મનું પ્રસારણ હતું, ત્યારે ત્યાં નાથપંથના બાવા **સિદ્ધનાથ** - ધૂંધળીમલ તેના શિષ્ય **શિવનાથ** સાથે આવેલા. શિવનાથને ગામના માણસોએ ભિક્ષા ન આપી, તેને અપમાન માનીને સિદ્ધનાથના વેગનો તમોગુણ ધૂંધવાયો અને ઘડીમાં વલ્લભીપુરને શાપ આપી આખી નગરીને પૃથ્વીના પેટાળમાં સમાવી દીધી. સિદ્ધોના આ અજ્ઞાનથી **વર્ણીન્દ્ર** પ્રભુ હસ્યા. પોતાની કાયાનગરીને તમોગુણના તાપથી સળગતી હોય તેને એ ગુણના વેગમાંથી ઉગારવાને બદલે એ અગ્નિમય તમોગુણનો ઉપયોગ આ સિદ્ધે આ રીતે કર્યો ! સિદ્ધોની સિદ્ધાઈ જ્યાં પોતાના જ અંગત રાગ પોષવા વપરાતી હોય, ત્યારે તેવા સિદ્ધો ભૂમિને ભારરૂપ બને છે. સાચી સિદ્ધિ તો દેહમાં ઘર કરી ગયેલા ગુણના ભાવ ટાળવામાં છે. મહાપ્રભુ વર્ણીન્દ્ર ત્યાંથી તરત જ નીકળી ગયા. વર્ણીરાજ વલ્લભીપુરના વિનાશના વિચારમાં ને વિચારમાં ચાલતાં ચાલતાં **શિહોર** આવી પહોંચ્યા.

**'ત્યાંથી શામ શિહોર પધારી, બ્રહ્મકુંડે ગયા બ્રહ્મચારી;**
**નરનારીની ગડબડ ભાળી, માટે નાયા નહીં વનમાળી,**
**ત્યાંથી દક્ષિણે ગૌતમકુંડ, પછી ત્યાં ગયા બાલમુકુંદ;**
**સ્નાન સંધ્યા કરી તેહ સ્થાન, ગયા પૂર્વ દિશે ભગવાન.'**
(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

અહીં બ્રહ્મકુંડમાં સ્નાન કરવા ગયા, પણ ત્યાં સ્ત્રી-પુરુષોની ગડબડ જોઈને ત્યાંથી નીકળી ગયા. તેની દક્ષિણે આવેલા **ગૌતમકુંડ** તરફ ગયા. અહીં નીલકંઠ વર્ણીએ સ્નાન કર્યું. પછી પોતાનું નિત્યકર્મ ત્યાં જ કરી ત્યાંથી ચાલી **ગૌતમેશ્વર મહાદેવ**ના દર્શન કરી પૂજન-અર્ચન કર્યું. અહીંના પૂજારીએ નીલકંઠ વર્ણીપ્રભુની પ્રતિભાના ઓજસ નિહાળ્યાં અને પ્રભુને જમવા માટે બોલાવ્યા. વર્ણીરાજ પૂજારી સાથે ભોજન જમ્યા. એક રાત્રિ ત્યાં નિવાસ કરી સવારે વર્ણીરાજે ત્યાંથી નીકળી **ભાવનગર** તરફ પ્રયાણ કર્યું.

**'ગયા ભાવનગર પરભાત, ભક્ત દેવજીની ધર્મશાળા, રહ્યા ત્યાં જઇ દીનદયાળા...'** ભાવનગર શહેરના હાર્દસમાન વડવા વિસ્તારમાં આવેલી દેવજીભક્તની ધર્મશાળાના ડેલીએ આવીને ઊભા રહ્યા. મહાપ્રભુ નીલકંઠ વર્ણીને જોતા જ ત્યાંના મહંત દિગ્મૂઢ થઈગયા. મહંત બાવાએ વર્ણીને અતિ પ્રેમથી ધર્મશાળામાં પધરાવીને અન્ન-જળ આપ્યાં. વર્ણીરાજે તેનો **ભાવ** જોઈ તેને **ઉપદેશ** આપ્યો. બાવાજીના અંતરમાં વર્ણીન્દ્રની આ વાત ચોંટી ગઈ.

**'દીધો બાવાજીને ઉપદેશ, તેથી જાણ્યા તેણે પરમેશ; ભાવે તો વિનતિ કરી ઘણી, તમે થાઓ આ જગ્યાના ધણી...'** તેથી તેણે હાથ જોડી કહ્યું : ''બ્રહ્મચારીજી ! તમે જો અહીં રહો તો આ જગ્યાના તમને ધણી કરું.'' પરંતુ નીલકંઠ પ્રભુને તો એવી કોઈ ઈચ્છા ન હતી તેથી મહંત બાવાની **ભાવવાણી** સાંભળીને બોલ્યા : ''મહાત્માજી ! આપના અંતરના શુદ્ધભાવની અમો સરાહના કરીએ છીએ, પરંતુ અમો જ્યારે ગૃહત્યાગ કર્યો ત્યારે જ નિર્ધાર કરીને નીકળ્યા છીએ કે કોઈ સ્થાન, મઠ, મંદિર કે જગ્યામાં ક્યાંય પણ વધુ વખત રોકાવું નહિ. તો પછી મહંતાઈની વાત જ ક્યાં રહી ? અને સાંભળો ! અમને તો ભારનામે રૂમાલ પણ રાખવો ગમતો નથી એવી અમારી સહજ પ્રકૃતિ છે તો પછી આપની આ ધર્મશાળાની મહંતાઈનો ભાર તો અમે કઈ રીતે વહન કરીએ !! અમને તો રોજ-રોજ અલગ-અલગ ગામોમાં અને જંગલોમાં રહેવું જ ગમે છે માટે અમે અહીં નહિ રોકાઈ શકીએ. માટે ક્ષમા ચાહું છું.''

મહાવિતરાગી મહાપ્રભુ નીલકંઠ વર્ણીરાજે વિનયથી બાવાજીના આગ્રહનો અસ્વીકાર કર્યો. આ જગ્યામાં ત્રણ દિવસ નિવાસ કરીને વર્ણીન્દ્રએ અનેક અભ્યાગતોને **સદાવ્રત** આપ્યું હતું.

ત્રણ દિવસ નિવાસ દરમ્યાન જે ત્રાંબાની વિશાળ ગોળીમાંથી સદાવ્રત આપ્યું હતું તે **પ્રાસાદિક ગોળી** હાલ આ દેવજીભક્તની ધર્મશાળામાં દર્શનાર્થે રાખવામાં આવી છે.

અહીં ત્રણ દિવસ રોકાણ કરીને વર્ણીરાજ ત્યાંથી નીકળી દરિયા પાસે **કોળિયાક**માં આવેલા **નકલંક મહાદેવ**ના સ્થાનમાં પધાર્યા. અહીં યાત્રાનો સમય હતો અને ભાવિકજનો યાત્રા માટે આવતા હતા. તેથી તેમને પોતાના દર્શન થાય, કોઈક મુમુક્ષુને પોતાનું સ્વરૂપ ઓળખાઈ જાય તે નીલકંઠ વર્ણીપ્રભુનો હેતુ હતો. યાત્રિકોમાંથી કોઈએ ભાવે કરીને હાથ જોડ્યા, કોઈએ અન્ન આપ્યું તો કોઈએ અન્ય સેવા કરી. આ રીતે વર્ણીરાજના સ્વરૂપના પ્રભાવથી શુદ્ધ મુમુક્ષુઓ ખેંચાયા. નકલંક મહાદેવના સ્થાનમાં થોડા સમય વિશ્રામ કરી નીલકંઠ વર્ણીએ પોતાની **કલ્યાણયાત્રા** આગળ વધારી **કુકડ તરફ** પ્રયાણ કર્યું.

આજે પણ આ નકલંક મહાદેવના સ્થાને દર ભાદરવી અમાસે સૌ ભક્તજનો સ્નાન-દર્શન કરવા જાય છે.



# ખુમાણોની ભાવનગર રાજ્ય સાથેની તકરારનું સમાધાન કરાવતા દાદાખાચર

સં. ૧૮૮૫માં **ગઢપુર**માં જીવાખાચરના **કારજ પ્રસંગે** ખુમાણો, વાળાઓ તથા કાઠી ગરાસદારો તમામ આવ્યા હતા. જોગીદાસ ખુમાણ પણ આવ્યા હતા. ભાવનગર રાજ્ય સામે **જોગીદાસ** બહારવટે ચડ્યા હતા અને ભાવનગર દરબાર **વજેસિંહજી**ને પણ ખબર મળ્યા હતા કે જોગીદાસ જીવાખાચરના કારજ પ્રસંગે ગઢડા જવાના છે. આ વખતે તેમને પકડી લેવાની તક હતી. પરંતુ ભાવેણા દરબારનું મન મોટું હતું, તેને જોગીદાસ પ્રત્યે દુશ્મનાવટ હતી પણ તે રાજ્યની અંગત બાબત હતી. વ્યવહારના આવા પ્રસંગે આવા શૂરવીરને પકડવા જવું તેમાં વજેસિંહ બાપુની ખાનદાનીને લાંછન લાગતું હતું.

કારજનો વિધિ પતી ગયો. પછી જોગીદાસ દાદાખાચરના દરબારમાં **શ્રીજીમહારાજના દર્શને** આવ્યા. તે વખતે ભગવાન શ્રીહરિ સભામાં બિરાજમાન હતા. મહારાજે જોગીદાસને પ્રેમથી બોલાવ્યા અને પોતાની સન્મુખ બેસાર્યા. મહાપ્રભુ શ્રીહરિએ જોગીદાસને પૂછ્યું : ''જોગીદાસ ! અમે સાંભળ્યું છે કે એકવખત તમારાથી પરસ્ત્રી સામું જોવાઈ ગયું, તેથી તમે આંખમાં મરચાં ભર્યાં હતા. તેનું શું કારણ ?''

એટલે જોગીદાસે કહ્યું : ''મહારાજ ! **હું જોગીઓનો દાસ કહેવાઉં**, તે મારાથી **પરસ્ત્રી સામું** કેમ જોવાય ? અને **જોઉં તો** મારા ગુરુ લાજે. એટલે આંખમાં મરચાં ભર્યા હતાં !''

તે સાંભળી શ્રીજીમહારાજે સભામાં બેઠેલા સંતોને કહ્યું : ''સાંભળો સંતો ! આ જોગીદાસને **પોતાના ગુરુની** કેટલી બધી **લાજ** છે ? એમ જે લાજ રાખે તેનાથી ધર્મ પળે, નહીં તો ધર્મ પળે નહીં.''

આ પ્રસંગ પછી ભાવનગર નરેશને લાગ્યું કે, ''ખુમાણો જે રાજ્ય સામે બહારવટે ચડ્યા છે તેનું સમાધાન કરવું હોય તો દાદાખાચરને જ તે કામ સોંપવું જોઈએ. જોગીદાસ પણ **દાદાખાચરના સ્નેહી** છે અને તેમના દરબારમાં સ્વામિનારાયણ ભગવાનના **દર્શન** કરવા ગયા હતા.'' તેથી તેમણે દાદાખાચરને ભાવનગર તેડાવવાનું નક્કી કર્યું.

'હિસ્ટરી ઓફ કાઠિયાવાડ' નામના પુસ્તકમાં લેખક **વિલ્બફોર્સ બેલ** લખે છે કે, ખુમાણોની રંજાડથી **ભાવનગર નરેશ** ત્રાસી ગયા હતા. ખુમાણોએ ભાવનગરના ગામ જુણવદર ઉપર હલ્લો કર્યો હતો અને ઢોર ઉપાડી ગયા હતા. વળી, વાળા કાઠીઓના ગામ વલારડી અને ઘુઘરલામાં આશ્રય લીધો. અહીંથી જોગીદાસ ખુમાણના બે દીકરા હરસૂર અને

ગોલણ તથા દીકરી કમરીબાઈને ભાવનગરની ફોજે પકડીને નજરકેદ રાખ્યા હતા. આ ધિંગાણામાં હાદા ખુમાણ મરાયા હતા.

બીજે વરસે વળી ધારુકા અને પીપરડી ઉપર ધાડ પાડી. તે દરમ્યાન જોગીદાસ ખુમાણે ભાવનગર લૂટવાનું નક્કી કર્યું અને પાલીતાણા જઈ સાગરીતોને એકઠા કર્યા. પછી હળિયાદ ઉપર હલ્લો કર્યો. સને ૧૮૨૭માં ખુમાણોએ ફરી હલ્લો કરી શિહોર લૂટ્યું અને ટાણા ગામથી મોકલાવેલ રાજ્યની ફોજને હરાવી.

ખુમાણોની આ રંજાડથી ત્રાસી વજેસિંહ બાપુએ **સમાધાન માટે** ગઢડા માણસ મોકલી **દાદાખાચર**ને ભાવનગર બોલાવ્યા. દસ અસવાર લઈને દાદાખાચર **ભાવનગર** ગયા. વજેસિંહ બાપુને મળ્યા. બાપુએ તેમને કહ્યું : ''દાદાખાચર ! તમને હેરાન કરવામાં અમે કાંઈ બાકી રાખી નથી. પરંતુ તે તો જે થયું તે થઈ ગયું. પણ હવે તમારું **ખરું કામ** પડ્યું છે. ખુમાણોનો ત્રાસ વધતો જાય છે અને તમારે જોગીદાસ સાથે તથા તેમના સાગરીતો સાથે સારા સંબંધો છે. તો તેમની સાથે તમારે **રાજ્યનું સમાધાન** કરી દેવાનું છે. આ કામ તમે જ કરી શકશો.''

ત્યારે દાદાખાચરે કહ્યું : ''બાપુ ! આપની આજ્ઞા શિરે ચડાવું છું. પરંતુ હું મારા ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણની આજ્ઞા** વિના કોઈ કામ કરતો નથી. એટલે તેઓને પૂછીને આજ્ઞા થશે તો તરત જ આ કામ તેઓની **કૃપાથી** પાર પડી જશે.''

વજેસિંહ બાપુ દાદાખાચરની વાતને સાંભળી રહ્યા હતા. પછી તેમણે કહ્યું : ''ભલે, સ્વામિનારાયણ ભગવાનને પૂછીને પછી અમને આ કાસદ સાથે લખી જણાવજો. કાસદ તમારી સાથે જ ગઢડા આવશે !''

દાદાખાચર બીજે દિવસે **ગઢડા** આવ્યા. ભગવાન શ્રીહરિને બધી વાત કરી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''આ તો **પરોપકારનું કામ** કહેવાય. નિર્દોષ માણસોને રંજાડ થતી હોય તો આપણો ધર્મ છે કે તે બંધ કરાવી દેવું જોઈએ. માટે તમે વજેસિંહ બાપુને **સંદેશો** મોકલો કે, 'તેઓ સો સવારો મોકલે, સમાધાનનો કાગળ મોકલે.' તે આવે એટલે તમે ઉપડજો.''

મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે દાદાખાચરે ભાવનગરથી સાથે આવેલ કાસદ સાથે સંદેશો મોકલ્યો.

વજેસિંહ બાપુને સંદેશો મળ્યો. તેમણે તરત જ સો અસવારો અને દાદાખાચર નક્કી કરે તે પ્રમાણે સમાધાન કરવાની કબૂલાતનો કાગળ લખી મોકલ્યો. આ અસવારો ગઢપુર આવ્યા અને દાદાખાચરને વજેસિંહ બાપુનો **પત્ર** આપ્યો. તેમણે તે પત્ર શ્રીજીમહારાજને બતાવ્યો. ત્યારે મહારાજે કહ્યું : ''દાદા ! હવે તમે જાઓ. અમો તમારી ભેગા છીએ.''

દાદાખાચર પોતાના બીજા ચાલીસ સવારો લઈને બાબરિયાવાડમાં સાણાના ડુંગરમાં જ્યાં આ બહારવટિયાનો મુકામ હતો ત્યાં ગયા. તે ડુંગરથી બે ગાઉ છેટે અસવારો તથા પોતાના તમામ હથિયારો રાખી, પોતે દસ-બાર સવાર સાથે તે મુકામ તરફ ગયા. બહારવટિયાએ દૂરથી દસ-બાર હથિયાર બંધ આદમી આવે છે તે જોઈને બંદૂકનો બાર કર્યો. તેમાં રાજા ભક્ત મરાયા. દાદાખાચરે તરત જ લૂગડું બતાવી સમસ્યા કરી. એટલે તેમને થયું કે આ તો આપણા જ માણસો લાગે છે. તેથી બંદૂકના બાર કરતા બંધ થયા. દાદાખાચર નજીક પહોંચ્યા એટલે તેમને ભમોદરાના ઓઘડ ખુમાણે ઓળખી લીધા. પછી દાદાખાચરે તેમને સમાધાનનો કાગળ આપ્યો. તે વાંચીને તેમણે સૌએ રાજકોટ અંગ્રેજ અધિકારી **મિ. બ્લેઈન**ને મળવા જવાનું નક્કી કર્યું. તરત જ તેઓ બધા રાજકોટ જવા રવાના થયા.

રાજકોટ આવી બ્લેઈન સાહેબને મળ્યા અને **સમાધાનની શરતો** મૂકી. નેસડી, જીરા, વીજપડી, ભમોદરા, મીતિયાળા, આંબરડી અને દોલતી આ **સાત ગામો** ખુમાણોને આપવા તેવું નક્કી થયું.

મિ. બ્લેઈને આ શરતો મુંબઈ સરકારને મોકલી અને તેમણે તે **મંજૂર** રાખી. આ રીતે ભગવાન શ્રીહરિની કૃપાથી દાદાખાચરે ખુમાણોનું **બહારવટું બંધ** કરાવી, ભાવનગર રાજ્ય સાથે બંનેની પ્રતિષ્ઠા સચવાય તે રીતે **સમાધાન** કરાવ્યું. શ્રીજીમહારાજ દાદાખાચરની કુનેહથી ખૂબજ પ્રસન્ન થયા. વજેસિંહ બાપુ પણ દાદાખાચરના **ઉપકાર** નીચે દબાઈ ગયા.

રાજકોટથી દાદાખાચર ખુમાણોને લઈને ગઢપુર આવ્યા. દાદાખાચર તેમને **શ્રીજીમહારાજ પાસે** લઈ ગયા. ભગવાન શ્રીહરિને દંડવત પ્રણામ કરીને સૌ મહારાજ સન્મુખ બેઠા. પછી શ્રીજીમહારાજે કહ્યું : ''તમે આજે બહુ સારું કામ કરીને આવ્યા છો. રાજ્ય તરફથી તો તમને અન્યાય થયો હશે, પરંતુ તે માટે રાજ્યની ગરીબ પ્રજાજનોને પીડવી, તેમના મોલ બાળી નાંખવા તે **ન્યાય મેળવવાની રીત** નથી. છતાં તમે સૌએ મોટું મન રાખીને ભાવનગર રાજ્ય સાથે સમાધાન કર્યું અને બાપુ વજેસિંહજીએ પણ તમારી શરતો **મંજૂર** રાખી. તેથી અમને ખૂબજ **આનંદ** થયો છે. આજે તમને સૌને દાદાખાચર તરફથી નોતરું છે.'' એમ કહીને તેઓને જમવા મોકલ્યા.

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ બધામાં એક જીવાત્મા ખૂબ બળિયો છે. જો તેને સત્સંગ થાય તો બધાને થાય.''

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : ''કોણ ! જોગીદાસ ખુમાણ ?''

ત્યારે શ્રીજીમહારાજ કહે : ''ના, જોગીદાસ નહીં પણ ભમોદરાના **ઓઘડ ખુમાણ** એ એવા બળિયા છે ને પૂર્વના સંસ્કારી છે.''

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ યોગાનંદ સ્વામીને કહ્યું :

અનુસંધાન પેજ નબર - ૨૬ પર



# ગઢડામાં શ્રીજીમહારાજના દર્શને પધારતા ભાવનગર નરેશ વજેસિંહજી

દાદાખાચરે ખુમાણો અને ભાવનગર રાજ્યનું સારી રીતે સમાધાન કરાવ્યું તેથી દરબાર વજેસિંહજી બાપુને મનમાં થયું કે ગઢડા જવું. દાદાખાચરનું **ઋણ** ચૂકવવું અને સ્વામિનારાયણ ભગવાનનાં **દર્શન** કરવા.

બીજે દિવસે ભાવનગર રાજ્યનો કાસદ **પત્ર** લઈને આવ્યો. દાદાખાચરને ખબર પડી એટલે તેમણે તેને બોલાવ્યો. તેમના નામનો જ પત્ર હતો એટલે તે કાઢીને વાંચ્યો. પત્ર વાંચતા દાદાખાચરના મુખ ઉપર **આનંદના ભાવ** દેખાવા લાગ્યા. તેથી મોટીબાએ પૂછ્યું : ''દાદા ! શેનો પત્ર છે ? ભાવનગર રાજ્યમાંથી આવ્યો છે તેની ખબર પડી એટલે મને તો ફાળ પડી ગઈ !''

ત્યારે દાદાખાચરે કહ્યું : ''બહેન ! ખુશીના ખબર છે. વજેસિંહ બાપુ અહીં મહારાજના દર્શને પરમ દિવસે પધારે છે. તેમને નજરાણું કરવું પડશે, પોષાક ધરવો પડશે અને મેવા-મીઠાઈ પણ તૈયાર કરાવવાં પડશે. હું હમણાં મહારાજ પાસે જાઉં છું અને મહારાજ શું શું **તૈયારી** કરવાનું કહે છે તે તેમને પૂછીને તમને કહીશ. તે પ્રમાણે બધી તૈયારી કરજો. આ તો મહારાજનો પ્રતાપ કહેવાય કે ભાવેણા દરબાર સામે ચાલીને આપણી નાની રિયાસતમાં પધારે.''

મોટીબા આ સાંભળી બહુ જ રાજી થયાં. તેમને પણ મનમાં થયું કે ભાવેણા દરબારના અહોભાગ્ય કે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણના તેમને દર્શન થશે.

દાદાખાચર તરત જ પત્ર લઈને મહારાજ પાસે ગયા. રાજ્યના કાસદને તેમણે ડેલીની દોઢીમાં બેસવાનું કહ્યું. એટલે તે ત્યાં જઈને બેઠા. દાદાખાચર ભગવાન શ્રીહરિ પાસે ગયા અને મહારાજને ભાવનગર રાજ્યમાંથી આવેલ પત્રની વાત કરી. એટલે મહારાજે કહ્યું : ''વાંચો.''

દાદાખાચરે તે પત્ર વાંચ્યો. પત્ર સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : ''ગોહિલ કુળ તો સૂર્યવંશી કહેવાય. ચંદ્રને કલંક લાગે પણ સૂર્યને ન લાગે. ભાવનગર

દરબારની એ ખાનદાની છે કે પોતાના કુળને કદી કલંક લાગવા દે નહીં. આપણી સાથેનો સંબંધ બીજાના કહેવાથી કદાચ થોડો કડવો થયો, પણ બાપુના અંતરમાં કોઈ કપટ કે વેર-ઝેરનાં બી નથી.''

મહાપ્રભુ શ્રીહરિને દાદાખાચરે તરત જ પૂછ્યું : ''મહારાજ ! વજેસિંહ બાપુ પધારે છે તો આપણે શું તૈયારી કરવી ? નજરાણામાં કેટલી રકમ આપવી, પોષાકમાં શું આપવું ને બીજી શી શી વાનગીઓ તૈયાર કરાવવી ? ભાવનગર રાજ્યના મોભા પ્રમાણે આપણે **સ્વાગત** કરવું જોઈએ.''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''બાપુ તો અહીં દર્શન કરવા આવે છે, એટલે નજરાણું કાંઈ સ્વીકારશે નહીં. છતાં આપણે તૈયારી રાખવી. પાંચસો ને એક રૂપિયા થાળમાં મૂકવા. પોષાકમાં સાફો, શેલું અને મોતૈયા - જલેબી - સાટા વગેરે મીઠાઈ લખુ કંદોઈ પાસે બનાવરાવો.''

ભગવાન શ્રીહરિના વચનો સાંભળી દાદાખાચર ઊઠ્યાં. દરબારમાં ગયા અને શ્રીજીમહારાજે જે તૈયારી કરવાની કહી તે બધી વાત મોટીબાને કરી. મોટીબાએ તરત જ કહ્યું : ''ભાઈ ! હવે તમે ચિંતા ન કરતા, અમો બધી તૈયારી કરી લેશું.'' દાદાખાચરને તો નિરાંત જ હતી કે જ્યાં સુધી મોટીબા અને લાડુબા છે ત્યાં સુધી વ્યવહારની કાંઈ ચિંતા તેમને માથે પડી ન હતી.

નક્કી દિવસ પ્રમાણે ભાવેણા દરબાર **વજેસિંહ** ગઢપુર પધાર્યા. ગઢપુરના પાદરમાં જ દાદાખાચર તથા નાગમાલા, રાઠોડ ધાધલ વગેરે દરબારોએ બાપુનું **સ્વાગત** કર્યું. પુષ્પહાર પહેરાવ્યા. ત્યાંથી વાજતે-ગાજતે બંદૂકના ભડાકા કરતા વજેસિંહ બાપુ સીધા **દાદાખાચરના દરબારમાં** પધાર્યા. કારભારીની ઈચ્છા એવી હતી કે બાપુ ઉતારે જઈ થોડો આરામ કરીને પછી દરબારમાં જાય. પરંતુ વજેસિંહ બાપુને **શ્રીજીમહારાજના દર્શન** કરવાની **તત્પરતા** હતી. તેથી તેમણે કહ્યું : ''કામદારને મોકલી ઉતારે બધી વ્યવસ્થા કરાવો. આપણે ભગવાન સ્વામિનારાયણના દર્શન કરીને પછી ઉતારે જઈશું.''

આ સમયે ભગવાન શ્રીહરિ **લીંબતરુ નીચે** પાટ ઢળાવીને તે ઉપર બિરાજમાન થયા હતા. વજેસિંહ બાપુ માટે પણ મહારાજની બાજુમાં જ પાટ ઢાળી હતી. તે ઉપર મશરૂના ગાદલા, રેશમી ઓછાડ, ગાલીચા પાથર્યા હતા. પાછળ મશરૂનો તકિયો અને બાજુમાં ગાલ-મશૂરિયા મૂક્યા હતા. વજેસિંહ બાપુને આવતા જોઈ ભગવાન શ્રીહરિ એકદમ પાટ ઉપરથી ઊભા થઈ ગયા. છડીદારે છડી પોકારી. એટલામાં મહાપ્રભુ શ્રીહરિ અને વજેસિંહ બાપુ ભેગા થઈ ગયા. બાપુએ મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા. શ્રીજીમહારાજે તેમના બંને હાથ પકડી લીધા. દાદાખાચરે અહીં ફરી બાપુને ગુલાબના પુષ્પનો હાર પહેરાવ્યો. મહારાજે બાપુનો હાથ પકડી પોતાની બાજુની પાટ પર બેસાર્યા. તરત જ એક ચારણ ભક્ત કવિએ **બ્રહ્માનંદ સ્વામી રચિત** ભગવાન શ્રીહરિના સર્વોપરી સ્વરૂપના **મહિમા**નો છંદ લલકાર્યો :

**'અવતાર અનેક લિયો અવિનાશિય, લાખ અલેખ અબે લયસી;**
**સહજાનંદ રૂપ અનૂપ સબેહિય, વ્યાપક રૂપ રચો વિલસી.**
**નિત નિમિત્ત રૂપ અનૂપ નિરંજન, લાડુય તાહિકી ઓટલહી;**
**અતિ આનંદ કંદ મુનીંદ આરાધત, સો સહજાનંદ રૂપ સહી.'**

ચારણી છંદના મર્મના જાણકાર ભાવેણા નરેશ વજેસિંહ બાપુ તો આ છંદનો અર્થ તરત જ સમજી ગયા અને શ્રીજીમહારાજનો મહિમા પણ તેમને સમજાયો.

પછી તેમને ઉદ્દેશીને ભગવાન **શ્રીહરિ** બોલ્યા : ''બાપુ ! અમે ગઢડામાં છેલ્લા ચોવીસ વર્ષથી રહીએ છીએ. પરંતુ કોઈ વખત એવી પ્રવૃત્તિ નથી કરી કે જેથી રાજ્યને નુકસાન થાય. ઊલટું અમારા ઉપદેશથી રાજ્યના લોકોએ દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરે દૂષણો છોડી દીધાં છે અને સારા **એકાંતિક ભક્ત** થયા છે. અમારા **સંતો** પણ એવા નિર્માની અને નિર્મત્સર છે અને આ **દાદાખાચર** જેવા ભક્ત હજુ બ્રહ્માંડમાં પાક્યા નથી. તમારા રાજ્યની તો તેઓ શોભા ગણાય. તેમના જ પ્રયાસોથી ખુમાણોની રાજ્ય સાથેની તકરારનું સમાધાન થઈ ગયું. એટલે તમો જ વિચાર કરો કે અમો રાજ્ય વિરુદ્ધ પ્રવૃત્તિ કરીએ છીએ કે રાજ્યને **પુષ્ટિ** થાય તેવી **પ્રવૃત્તિ** કરીએ છીએ.''

વજેસિંહ બાપુ શ્રીજીમહારાજની વાત એકચિત્તે સાંભળી રહ્યા હતા. બાપુને અચાનક **સગરામ વાઘરીની યાદ** આવી ગઈ. ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે શૂદ્રો પણ વૈષ્ણવને શરમાવે તેવા ધર્મ-નિયમ પાળે છે એ વાત સાંભળીને એમને **આશ્ચર્ય** થયું હતું. સગરામ વાઘરી લીમલી ગામના હતા. વજેસિંહ બાપુએ એમની ખાતરી કરવા સગરામને પોતાના દરબારમાં બોલાવ્યા હતા અને બધી વાત પૂછી હતી.

ભગવાન સ્વામિનારાયણે, પારકી વસ્તુને આવા શૂદ્રો પણ ધૂળ તુલ્ય માને એવા **સંસ્કારો** સિંચ્યા હતા. બ્રાહ્મણ નદીમાંથી ગાળ્યા વિના પાણી પીવે ને આ સગરામ જેવો વાઘરી બે ગળણે ગાળીને, ભગવાનને ધરાવીને પાણી પીવે. એવું **આમૂલ પરિવર્તન** ભગવાન સ્વામિનારાયણ વિના બીજા કોઈ પણ ન કરી શકે.

વજેસિંહ બાપુને શ્રીજીમહારાજના કાર્યની **મહત્તા** સમજાઈ.

''બાપુ !'' ભગવાન શ્રીહરિનો મધુર અવાજ સંભળાયો. વજેસિંહ બાપુ વિચારમાંથી જાગ્યા.

ભાવેણા નરેશ વજેસિંહ બાપુએ હાથ જોડી કહ્યું : ''પ્રભુ !

આપ તો પરમાત્મા છો, એટલે દિલાવર દિલ તો હોય જ. પણ મેં **જાણે-અજાણે** આપનો કોઈ **અપરાધ** કર્યો હોય તો ક્ષમા કરશો. દાદાખાચરને પણ રાજ્ય તરફથી ઘણી પરેશાની ભોગવવી પડે છે. તે બધાની હું **ક્ષમા** ચાહું છું.''

શ્રીજીમહારાજે તરત જ હસતાં હસતાં કહ્યું : ''દરબાર ! રાજ્ય તો રાજ્યની રીતે જ ચલાવવું પડે. આપને જેવા સમાચાર મળતા રહે તે પ્રમાણે આપ અમલ કરો, એમાં આપનો વાંક નથી. આપ તો **ગોહિલકુળ શિરોમણિ** છો. ભાવનગરનું રાજ્ય તો **રામરાજ્ય** કહેવાય છે. આપે જોગીદાસ ખુમાણ સાથે દુશ્મનાવટમાં પણ જે **ખાનદાની** બતાવી તેવું તો કોઈક જ કરી શકે. આપની ખાનદાની તો **વંશ પરંપરાગત** છે. અમે તે બધું જાણીએ છીએ. આપના જેવા રાજવી તો ભગવાનનું વિભૂતિ-સ્વરૂપ કહેવાય. માટે આપને માફી માંગવાની હોય નહીં.'' આટલી વાત કરીને પછી મહારાજ આગળ કહે : ''આ દાદાખાચર જેવા કોઈ ભક્ત નથી. તમારા રાજ્યનું **ભૂષણ** છે. તેની એ સ્થિતિને **અનુરૂપ** તેની અને તેના રાજ્યની સંભાળ રાખજો. એટલી અમારી **ભલામણ** છે.''

ભગવાન શ્રીહરિના વચનો સાંભળી વજેસિંહ બાપુએ બે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! દાદાની હું સંભાળ રાખીશ તો તમે મારા રાજ્યની સંભાળ રાખશો તેની મને **ખાતરી** છે, માટે એમાં તો મારો **સ્વાર્થ** છે.'' શ્રીજીમહારાજ વજેસિંહ બાપુની વાત સાંભળી પ્રસન્ન થયા.

પછી દાદાખાચરે વજેસિંહ બાપુ સમક્ષ **નજરાણું** ધર્યું. એક થાળમાં રૂપિયા અને બીજા થાળમાં સાફો, શેલું અને બીજા ચાર-પાંચ મીઠાઈના થાળ બાપુ પાસે મુકાવ્યા. બાપુ આ જોઈને એકદમ અચકાયા. તેમણે તરત જ કહ્યું : ''પ્રભુ ! હું તો આપના દર્શને આવ્યો છું. આ ટાણે નજરાણું હોય જ નહીં.''

મહાપ્રભુ શ્રીહરિએ તરત જ કહ્યું : ''અમારો એ વ્યવહાર છે. આપના જેવા રાજવીનું સન્માન કરવું તે ધર્મ છે. દાદાખાચર એ ધર્મ કદી ન ચૂકે. માટે આપને **અંગીકાર** કરવું પડશે.''

વજેસિંહ બાપુ મૂંઝાયા. પરંતુ તેમણે એક જ ક્ષણમાં **નિર્ણય** કરી લીધો. તેમણે કહ્યું : ''ભલે પ્રભુ ! આપની જેવી આજ્ઞા ! પરંતુ આ રૂપિયાનો થાળ હું ઠાકોરજીને ભેટ ધરું છું. આ સાફો અને શેલું પણ મારા વતી આપ ઠાકોરજીને ધરાવશો. આટલું મારું **સત્કર્મ** થશે તેમાં મારા રાજ્યનું હિત છે, તો આપ એટલી કૃપા કરો.'' એમ કહીને તેમણે કહ્યું : ''આ મીઠાઈના થાળમાંથી બે થાળ ઉતારે મોકલાવો. બાકી આપ અહીં સંતો માટે તેનો **ઉપયોગ** કરજો.''

શ્રીજીમહારાજ તેમના ભાવથી અતિ પ્રસન્ન થયા.

પછી ભગવાન શ્રીહરિએ વજેસિંહ બાપુને કહ્યું : ''બાપુ ! ચાલો **દેવ**ના **દર્શન** કરવા જઈએ.'' એમ કહીને પોતે ઊઠ્યા. વજેસિંહ બાપુનો હાથ પકડ્યો અને શ્રી ગોપીનાથજી મહારાજના દર્શન કરવા પધાર્યા. દર્શન કરતાં કરતાં મહારાજે કહ્યું : ''બાપુ ! આપને તો કોઈએ ભરમાવ્યા હશે કે અમે કોઠો કરીએ છીએ અને તેમાં શસ્ત્રો તથા દારૂગોળો રાખવાના છીએ. પણ આપ હવે જાતે જ જુઓ કે અમે શું કર્યું છે. આ **ગોપીનાથ મંદિર** તમારા રાજ્યમાં યાત્રાનું મોટું ધામ બની જશે. તમારા રાજ્યની **આબાદી** અને **શોભા** આ દેવની કૃપાથી વધશે.''

આમ કહીને શ્રીજીમહારાજે કહ્યું : ''અમે તો **કાઠીઓ અને બહારવટિયાઓને** ભક્તો બનાવી શસ્ત્રો મુકાવીએ છીએ અને તેમના હાથમાં માળા આપીએ છીએ; પણ ગાય, બ્રાહ્મણ કે સ્ત્રી તેમજ પોતાના રાજ્યની **રક્ષા માટે** શસ્ત્રો વાપરવાની **છૂટ** પણ આપીએ છીએ. પરંતુ અન્યનું રાજ્ય ઝૂંટવી લેવા માટે શસ્ત્રો વાપરવાની **મનાઈ** કરીએ છીએ. નીતિ, ધર્મ અને ન્યાયથી સૌ પોત પોતાના રાજ્યનું રિયાસતનું સંચાલન કરે, રક્ષણ કરે એ અમારી **આજ્ઞા** છે. તેમ છતાં કોઈ દુરાગ્રહ રાખી બીજાનું રાજ્ય પચાવી પાડવા પેરવી કરે તો યુદ્ધની નોબતો પણ અમે વગડાવીએ છીએ. ભડલીના ભાણખાચરે મોકલાવેલ ખબડ અને મતારાની અમારા ભગુજીએ અમારી આજ્ઞાથી જે દુર્દશા કરી દીધી તે પણ આપ જાણતા જ હશો.''

ભગુજીનું નામ સાંભળી વજેસિંહ બાપુ ચમક્યા ! તેમણે તરત જ પૂછ્યું : ''ક્યાં છે એ ભગુજી ? મારે તેમના દર્શન કરવા છે.''


ભગુજી ભગવાન શ્રીહરિની પાછળ જ હતા. મહારાજે તરત જ પાછળ જોયું અને દરબારને કહ્યું : ''આ રહ્યા ભગુજી !''

બેઠી દડીના શરીરે મજબૂત ભગુજીને જોઈ વજેસિંહ બાપુની છાતી ફૂલી ગઈ ! તેમણે કહ્યું : ''તમને જ જનોઈવઢ ઘા વાગ્યો હતો ?''

ભગુજીએ હસતાં હસતાં 'હા' કહી. મહારાજે કહ્યું : ''ભગુજી ! કેડિયું કાઢીને બાપુને ઘા દેખાડજો.'' એટલું કહી ભગવાન શ્રીહરિ ઠાકોરજીના દર્શન કરી પાછા વળ્યા.

વજેસિંહ બાપુએ મહારાજને કહ્યું : ''પ્રભુ ! પાજી મનુષ્યો એમ બોલતા હશે અને તેથી કદાચ મારી મતિમાં પણ એવું એ વખતે સૂજ્યું હશે. પરંતુ આપના પ્રતાપથી મારું રાજ્ય સોનાના ફૂલે ફૂલી રહ્યું છે. આપે આજે મારો હાથ પકડ્યો છે, તે કદી હવે છોડશો નહીં. મારી આપને એ **વિનંતિ** છે અને આપ પણ અમારો ભાવનગરનો દરબાર પાવન કરો એવી મારી **નમ્ર**

અનુસંધાન પેજ નબર - ૨૭ પર



# ભાવનગર નરેશ વજેસિંહજીને ત્યાં પધારતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

**'વૃતપુર થકિ ચાલી પદ્મપાણી, કૃત કરુણા કરી વાસ કારિયાણી; રુચિ ધરી મન ભાવપૂર જાવા, નિજજનના મનમાં છબી ઠરાવા.'** (શ્રીહરિલીલામૃત : ૯/૧)

સં. ૧૮૮૫માં વડતાલ જ્ઞાનબાગમાં ભગવાન શ્રીહરિ ફૂલદોલ પ્રસંગે રંગરેલ રંગોત્સવ કરી સીંજીવાડા, ગલિયાણા, ધોલેરા થઈને **કારિયાણી** પધાર્યા. અહીં શૂન્યાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ માટે **થાળ** કર્યો. મહારાજ ત્યાં જમ્યા. પછી શૂન્યાતીતાનંદ સ્વામીને કહ્યું : "વસ્તાખાચરને તથા અન્ય કાઠી દરબારોને બોલાવો."

તરત જ તેઓ બધા શ્રીજીમહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને કહ્યું : "અમારે અહીંથી **ભાવનગર** જવું છે."

તે સાંભળી દાદાખાચર તથા સુરાખાચરે કહ્યું : **'દાદોખાચર ખાચર સુરો, બોલ્યા પ્રેમ ધરી મન પુરો; થોડા અસ્વાર સંત છે સાથ, ન જવાય એ રીતે હે નાથ.'** (શ્રીહરિલીલામૃત : ૯/૧/૪૨)

મહારાજ ! જો ભાવનગર જવું હોય, તો તમામ રસાલા સાથે જવું જોઈએ. આપણા મુખ્ય મુખ્ય હરિભક્તો, પાર્ષદો તથા અસવારો, સંતો - આ તમામને લઈને ભાવનગર જઈએ એમાં આપણી **શોભા** કહેવાય."

ભગવાન શ્રીહરિએ દરબારોની વાતને ધ્યાનથી સાંભળી. પછી કહ્યું : "તો એક અસવારને ગઢડા મોકલો અને ત્યાંથી સંતો સૌ સીધા ભાવનગર જાય તેમ સંદેશો મોકલો. તે પ્રમાણે કુંડળ, સારંગપુરથી કાઠી ભક્તોને અહીં બોલાવો... **'સુણી બોલીયા શ્રીઘનશ્યામ, જાય અસ્વાર ગઢપુરધામ; સંત સર્વને જૈને સુણાવે, ભાવનગર સહુ સંત આવે. વળી કુંડળ સારંગપુર, એહ આદિક પુર ધરી ઊર; જન કોઇને ત્યાં મોકલાવો, કાઠી અસ્વાર આંહિ તેડાવો...'** એટલે આપણે બધા અહીંથી જ

નીકળીએ.'' શ્રીજીમહારાજની સૂચના પ્રમાણે અસવારોને ગઢપુર, સારંગપુર, કુંડળ વગેરે ગામોમાં મોકલી દીધા.

શૂન્યાતીતાનંદ સ્વામીએ વિચાર કર્યો કે રસ્તામાં ટીમણ કરવા કાંઈક **ભાતું** જોઈશે. તેથી તે ભાતું કરવાની તૈયારી કરવા લાગ્યા. વળી, શ્રીજીમહારાજના થાળ માટે પણ સીધા-સામગ્રી સાથે લેવા તૈયારી કરી. એટલામાં ભગવાન શ્રીહરિ ત્યાં આવ્યા. મહારાજે શૂન્યાતીતાનંદ સ્વામીને આ બધી તૈયારી કરતા જોયા. એટલે તરત જ પૂછ્યું : ''સ્વામી ! આ શું કરવા માંડ્યું છે ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''મહારાજ ! રસ્તામાં સંતોના ટીમણ માટે ભાતું **તૈયાર** કરવાનું છે અને આપને માટે પણ સીધાની સામગ્રી સાથે લઈ લેવી છે.''

શૂન્યાતીતાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજ હસતાં હસતાં બોલ્યા : ''ગામોગામ હરિભક્તો છે તો ભાતા ને સીધાની શી જરૂર છે ? આપણે તો સંત કહેવાઈએ. આપણે **આપણો ધર્મ જો પાળીએ તો** સીધા-સામગ્રી આપોઆપ આવીને મળે. ધર્મનો એવો પ્રતાપ છે કે તેમાં નવનિધિ અને અષ્ટસિદ્ધિ રહી છે. જે દ્રઢતાપૂર્વક ધર્મ પાળે છે તેને માટે સિદ્ધિઓ બધું જ તૈયાર રાખે છે. માટે જે સંતમાં ધર્મ હશે તે જ્યાં જશે ત્યાં લોકો તેને પૂજશે, જમાડશે અને સેવા કરશે : **'સંત જો સંતનો ધર્મ પાળે, અન્ન આવી મળે સર્વ કાળે; ધર્મમાં રહે છે નવનિધિ, રહે ધર્મ વિષે અષ્ટસિદ્ધી; ભાતું રાખીયે તેટલું રાખો, બીજી ચિંતા બધી ટાળી નાખો...''** શ્રીજીમહારાજે આ પ્રમાણે કહ્યું એટલે શૂન્યાતીતાનંદ સ્વામીના બધા સંકલ્પો બંધ થઈ ગયા.

પછી કારિયાણીથી વહેલી સવારે નીકળી **રોહિશાળા** થાળ જમાડી **વલ્લભીપુર** પધાર્યા. અહીં પાદરમાં ઘેલો નદી નીકળે છે, તેમાં સ્નાન કર્યું. વલ્લભીપુરના દરબાર **હરભમજી**ને ખબર પડી કે શ્રીજીમહારાજ પધાર્યા છે. એટલે તરત જ તે પોતાના સવારો તથા ઢોલ, નગારા લઈને ભગવાન શ્રીહરિનું સ્વાગત-સન્માન કરવા આવી ગયા. મહારાજને ધામધૂમથી પોતાના ગામમાં પધરાવ્યા. તેમના દરબારમાં મહારાજ ઊતર્યા.

વિપ્રોને બોલાવી તરત જ રસોઈની તૈયારી કરી દીધી. મહાપ્રભુ શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. દરબાર હરભમજીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આ તો શેરડીની પાછળ એરડીને પાણી મળી ગયું ! ભાવનગર દરબારને ત્યાં આપ પધારો છો, તેમાં અમને પણ લાભ મળી ગયો.''

થોડીવારમાં રસોઈ તૈયાર થઈ ગઈ. શ્રીજીમહારાજ થાળ જમ્યા. સંતો-ભક્તો પણ સૌ જમ્યા. પછી તેમણે મહારાજની પૂજા કરી, વસ્ત્રો તથા આભૂષણો ભેટ ધર્યાં. જમીન પણ કૃષ્ણાર્પણ કરીને આપી.

પછી વલ્લભીપુરથી મહાપ્રભુ શ્રીહરિ નીકળ્યા અને સાંજે **વરતેજ** પહોંચ્યા. ગામની પશ્ચિમમાં નદી છે તેમાં મહારાજે સ્નાન કર્યું. વૈકુંઠાનંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજ સારુ ટીમણ તૈયાર જ રાખ્યું હતું તે મહારાજ જમ્યા. રૂપાભાઈને ત્યાં ગઢડાથી સંતોનો સંઘ આવી ગયો હતો. ભગવાન શ્રીહરિ પણ પોતાના સખા, પાર્ષદો અને સંતો સાથે ભાવનગરના પાદરે પહોંચ્યા. ત્યાં તો રૂપાભાઈ તથા રાજાભાઈ ઢોલ, શરણાઈ, ત્રાંસાં વગેરે લઈને સામૈયું કરવા સામે આવ્યા હતા. ગઢડાથી આવેલા સંતો તથા ભાવનગરથી હરિભક્તો પણ સૌ આવી ગયા હતા. મહારાજને પુષ્પહાર પહેરાવ્યા. પછી ધામધૂમથી ભાવનગર શહેરના મુખ્ય માર્ગો ઉપર થઈને વડવામાં રૂપાભાઈએ પોતાને ઘેર મહારાજને પધરાવ્યા.

અહીં આગળથી સંતો આવ્યા હતા. તેમણે સમગ્ર સંઘ માટે રસોઈ તૈયાર કરી દીધી હતી. વૈકુંઠાનંદ વર્ણીએ મહારાજ માટે થાળ કર્યો. મહારાજ સ્નાન કરીને થાળ જમ્યા. સંતો તથા હરિભક્તોને પણ જમાડ્યા. પછી શ્રીજીમહારાજે સભા કરીને ઉપદેશની ઘણી વાતો કરી પોઢી ગયા. સંતોએ મોડી રાત સુધી કીર્તન-ભક્તિ કરી. સવારે મહારાજ જાગ્યા એટલે તરત જ શૂન્યાતીતાનંદ સ્વામી સેવામાં આવી ગયા. ત્યાં લીંબડાના વૃક્ષ નીચે મહારાજને સ્નાન કરાવ્યું. પછી અંગ લૂછી પીતાંબર પહેરવા આપ્યું. તે પછી મહારાજ નિત્યવિધિ કરવા બિરાજમાન થયા.

એટલામાં રૂપાભાઈ મહાપ્રભુ શ્રીહરિ પાસે આવ્યા. નિત્યવિધિ પૂરી થઈ એટલે મહારાજે રૂપાભાઈને કહ્યું : ''તમે દરબારમાં જાઓ અને વજેસિંહ બાપુને કહેવરાવો કે અમારે તેમને મળવા આવવું છે તો ક્યારે આવીએ ?''

**'રૂપોભાઇ તરત ગયા તહી, વજેસિંહજીને વાત કહી;**
**ઘણો હરખ જણાવ્યો ભૂપાળે, કહ્યું મળશું તો આવતી કાલે.**
**પદવંદન પ્રેમે કહાવ્યું, જમવાને સીધું મોકલાવ્યું;**
**રૂપાભાઇએ જૈ પ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ.'**

(શ્રીહરિલીલામૃત : ૯/૨/૩૨-૩૩)

રૂપાભાઈ તરત જ દરબારગઢમાં ગયા. અહીં કાસદ દ્વારા બાપુને સંદેશો મોકલ્યો. બાપુએ તરત તેમને બોલાવ્યા. બાપુને નમસ્કાર કરી રૂપાભાઈ સન્મુખ બેઠા, ત્યારે વજેસિંહ બાપુએ કહ્યું : ''ભગવાન સ્વામિનારાયણ આપણા શહેરમાં પધાર્યા તે આપણા બહુ મોટા ભાગ્ય કહેવાય ! તેઓના દર્શનની અમને ઈચ્છા છે.''

તે સાંભળી રૂપાભાઈએ કહ્યું : ''બાપુ ! શ્રીજીમહારાજે પણ એ જ કહેવરાવ્યું છે કે આપને મળવું છે તો ક્યારે ગોઠવીશું ?''

એટલે વજેસિંહ બાપુ કહે : ''કાલે સવારે રાખો. બધા જ અમલદારો, કચેરીના સભ્યો, પ્રતિષ્ઠિત શહેરીજનો વગેરે તમામને સંદેશો મોકલી દઈએ. એટલે ભર કચેરીમાં જ ભગવાન સ્વામિનારાયણ પધારે તો સૌને દર્શનનો લાભ પ્રાપ્ત

થાય. મહારાજને મારા પ્રણામ કહેજો અને આવતી કાલે સવારનું અમારું આમંત્રણ સ્વીકારે એવી વિનંતી કરજો. તેમજ અમારા તરફથી થાળ માટે સીધું મોકલીએ છીએ તો તેનો પણ સ્વીકાર કરે.''

પછી રૂપાભાઈ બાપુની રજા લઈને રવાના થયા. વજેસિંહ બાપુએ દીવાનને બોલાવ્યા. તેમને કહ્યું : ''આવતી કાલે સવારે ભગવાન સ્વામિનારાયણ આપણા દરબારમાં પધારવાના છે.. તો તેઓના સન્માન માટેની બધી જ તૈયારી કરવાની છે. તેમજ કચેરીના તમામ સભ્યોને પણ કહેવરાવી દેવાનું છે કે કાલે સવારે દરબાર ભરવાનો છે તો સૌ અચૂક કચેરીમાં હાજર રહે.''

ત્યારે દીવાને કહ્યું : ''ભલે મહારાજ ! બધો જ બંદોબસ્ત થઈ જશે.'' એમ કહી તેઓ ગયા.

રૂપાભાઈ પણ પોતાના દરબારમાં પહોંચી ગયા. શ્રીજીમહારાજને તેમણે કહ્યું : ''મહારાજ ! આપણે આવતી કાલે સવારે કચેરીમાં જવાનું છે.''

ત્યારે મહાપ્રભુ શ્રીહરિએ કહ્યું : ''ભલે, તે પ્રમાણે તૈયારી કરાવો.''

એવામાં ત્યાં સુરતથી **આત્મારામ દરજી** શ્રીજીમહારાજના દર્શને આવ્યા. તેમને ઠેઠ સુરતથી આવેલા જોઈ મહારાજને આશ્ચર્ય થયું. મહારાજે તેમને પૂછ્યું : ''આત્મારામ ! અમે વડતાલ હતા ત્યાં દર્શને ન આવ્યા અને અહીં કેમ આવ્યા ?''

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપ વડતાલ હતા ત્યારે હું એક કામમાં રોકાયો હતો એટલે ન આવી શક્યો. તે કામ પૂર્ણ થયું એટલે તરત જ અહીં આપ બિરાજો છો તે સમાચાર મળ્યા એટલે આવ્યો. અમે તો સુરતથી વહાણમાં બેસી જઈએ અને આ ભાવનગર બંદરે ઊતરી જઈએ. એટલે અહીં આવવાનું અમને કઠણ ન પડે.''

તે સાંભળી ભગવાન શ્રીહરિએ હસતાં હસતાં પૂછ્યું : ''ધંધામાં હમણાં કામ સારું ચાલતું લાગે છે.''

ત્યારે આત્મારામ દરજીએ હાથ જોડીને કહ્યું : ''પ્રભુ ! આપની દયાથી ધંધો તો સારો ચાલે છે, પણ એ ધંધાની એક કારીગરી જે હું શીખ્યો છું તે કારીગરી આપના સારુ એક **ડગલી** બનાવવામાં મેં અજમાવી. તે ડગલી પૂરી થઈ કે તરત તે લઈને અહીં આવ્યો.''

**'લાવ્યો તે એક ડગલી બનાવી, કરી શ્રીહરિને ભેટ આવી;**
**બુટા બખીયા બનાવેલા એમાં, જોતાં અદ્‌ભુતતા દીસે જેમાં.**
**ઘણા માસ કરીને પ્રયાસ, પ્રેમે લાવેલો શ્રીહરિ પાસ; ડગલી**
**પુરમાં વખણાણી, વાત તે તો વજેસિંહે જાણી.'**
(શ્રીહરિલીલામૃત : ૯/૨/૩૭-૩૮)

મહાપ્રભુ શ્રીહરિને આશ્ચર્ય થયું ડગલી બનાવવામાં તે વળી કેવી કારીગરી હશે કે આટલો સમય તેમને લાગ્યો. મહારાજે કહ્યું : ''આત્મારામ ! લાવ, જોઈએ તો ખરા તારી ડગલી ! કેવી કારીગરી કરી છે !''

આત્મારામે તરત જ તેમના પોટલાના કપડામાં સંભાળપૂર્વક વીંટીને તૈયાર કરેલી ડગલી કાઢી. મહારાજને કહ્યું : ''પ્રભુ ! પહેલા આપનું પૂજન કરું અને પછી આપને આ ડગલી હું જ પહેરાવું.''

શ્રીજીમહારાજને વળી આ બીજું નવીન લાગ્યું. પછી મહારાજે કહ્યું : ''ભલે, પૂજન કરી લે.''

આત્મારામે ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું. પછી કપડામાં વીંટેલી ડગલી કાઢી, ઉખેળી, તે જોઈને સૌને **આશ્ચર્ય** થયું ! મખમલના કાપડ ઉપર સોનેરી તારના બુટ્ટા તેમજ સૂર્ય અને ચંદ્રના ઝીણાં સ્વરૂપો જડેલા, સોનેરી તારના જ ઝીણા બખિયા લીધેલા. આવી સુંદર ડગલી મહારાજ તો જોઈ જ રહ્યા.

આત્મારામ મહારાજને તે પહેરાવવા અધીરા બની ગયા હતા. પરંતુ મહારાજે કહ્યું : ''ભલા આદમી ! આવી સુંદર ડગલી સીવીને લાવ્યો છે તે જોવા તો દે. અમે પહેરીશું તો કારીગરી બીજાને દેખાશે અમને નહીં દેખાય !'' એમ કહીને શ્રીજીમહારાજે ડગલીને ઝીણવટથી જોઈ. આગળ-પાછળ ફેરવીને જોઈ અને પછી પૂછ્યું : ''આત્મારામ ! આ ડગલી બનાવતાં કેટલો વખત લાગ્યો ?''

''મહારાજ ! છ મહિના લાગલગાટ કામ કર્યું ત્યારે આ ડગલી તૈયાર થઈ. એમાં જ હું વડતાલ ન આવી શક્યો.''

આત્મારામ દરજીની વાત સાંભળીને મહારાજે પૂછ્યું : ''ત્યાં સુધી તારા ધંધાનું શું થયું ?''

આત્મારામ હસ્યાં. પછી તેમણે કહ્યું : ''પ્રભુ ! ધંધો તો આપના નામના જાપનો અખંડ ચાલું જ હતો. ત્યારે તો આ ડગલી તૈયાર થઈ અને મારે રોમેરોમે ટાઢક વળી ગઈ !''

આ સાંભળી મહારાજ તેમના તરફ કરુણામય દૃષ્ટિથી જોઈ રહ્યા. શ્રીજીમહારાજે ડગલી પોતાના હાથમાં લઈને સૌને બતાવીને કહ્યું : ''જોઈ લ્યો, આ આત્મારામની ડગલી ! તેમાં તેમણે તેમનો આત્મા પરોવીને **હેતના ટેભા** લઈને અમને સીવી લીધા છે.'' સૌને લાગ્યું કે આત્મારામે ખરેખર હેતના ટેભા લીધા છે નહીં તો આવું કામ ન થાય.

મહારાજે આત્મારામને કહ્યું : ''આત્મારામ ! તું જ અમને ડગલી પહેરાવ !'' તેણે તરત જ પાસે આવીને કહ્યું : ''મહારાજ ! મારો પણ એ જ મનોરથ હતો.'' એમ કહી તેમણે શ્રીજીમહારાજને પ્રેમથી ડગલી પહેરાવી. સૌએ ભગવાન શ્રીહરિના **દર્શન** કર્યા. બધાને લાગ્યું કે મહારાજ ડગલીથી કેવા શોભે છે ! સર્વના સંકલ્પ જાણીને મહારાજે પણ કહ્યું : ''ભક્તજનો ! આ ડગલીથી અમે કેવા શોભીએ છીએ ?''

ત્યારે બધાએ કહ્યું : ''અરે મહારાજ ! આપે આ ડગલી

પહેરી તેમાં જ **ડગલીની શોભા** છે. આપના સંબંધે ભક્તિભાવપૂર્વક અર્પણ કરેલું સર્વ કાંઈ શોભાયમાન અને દિવ્ય બની જાય છે.''

થોડીવાર મહારાજે ડગલી પહેરી રાખી. પછી તે ડગલી કાઢીને મયારામ ભટ્ટને આપીને કહ્યું :''ભટ્ટજી ! આને આત્મારામે ગડી કરી હતી તેવી બરાબર ગડી કરી અને કપડામાં વીંટાળી રાખો. કાલે દરબારમાં આ ડગલી પહેરીને જ જવું છે !'' આત્મારામને અહોભાગ્ય લાગ્યા. મહારાજે તેમને કહ્યું : ''આત્મારામ ! તું કાલ દરબારમાં અમારી સાથે આવજે. ભાવેણા દરબારને પણ ખબર પડે કે એમના રાજ્યમાં ન થતી હોય એવી કારીગરી સ્વામિનારાયણના ભક્તમંડળમાં છે.'' આત્મારામે શ્રીજીમહારાજની મરજી મુજબ હા કહી.

પરંતુ આ ડગલીની વાત બીજા દિવસે તો શું પણ તે જ ઘડીએ સારાયે શહેરમાં પ્રસરી ગઈ અને ખૂદ મહારાજા વજેસિંહજી બાપુના કાને પણ તે વાત પહોંચી. કાનને ચમકાવી દે તેવી અદ્‌ભુત-અપૂર્વ વાત સાંભળીને કલારસિક ભાવેણાધીશનું મન પણ તેવી જ ડગલી બનાવી પહેરવાનો મનસૂબો કરવા લાગ્યું. તુરંત જ પોતાના દીવાનજી દ્વારા આત્મારામને ડગલી સાથે દરબારગઢમાં બોલાવ્યા. આત્મારામ ભક્ત ડગલી સાથે વજેસિંગ બાપુ પાસે હાજર થયા. બાપુએ માન દઈ તેમને બાજુમાં બેસાર્યા. ડગલી હાથમાં લઈ બાપુએ બહુ ઝીણવટથી જોઈ પછી કહ્યું : ''બહુ સુંદર ડગલી ભરી જાણો છો ભગત !''

''હા, એ તો ભગવાન શ્રીહરિની કૃપા ! બુદ્ધિ એમની આપેલી છે. મેં પુરુષાર્થ કર્યો ને મહારાજે કળાની સૂઝ આપી. એ સૂઝનો આ ફાલ મેં એમને ભેટ ધર્યો. વિશેષ કશું નથી બાપુ !''

''પ..ણ બહુ જ સુંદર... અહોહો શું ડગલી છે ! **'પછી સુરતી આતમારામ, તેને ભૂપે કહ્યું તેહ ઠામ; આવી ડગલી કરી આપો અમને, સારું આપું ઈનામ તો તમને.'** ભગત ! આવી જ ડગલી મારા માટે એક બનાવી આપો. કહો તો ગામ આપું, તમને સોને મઢું પણ... આવી જ આબેહૂબ એક ગૂંથી દો.''

વજેસિંહ બાપુની વાત સાંભળી આત્મારામ દરજી કહે :

**'કહે દરજી સુણો નરઇશ, જે છે અક્ષરધામ અધીશ; એને અર્થે મેં ડગલી બનાવી, ચિત્ત ઘાલી ઘણો પ્રેમ લાવી. અંતે પામવું અક્ષરધામ, એવું લેવાને મોટું ઇનામ; એમાં કારીગરી કરી જે છે, ટેભા અંતઃકરણ તણા તે છે.**

(શ્રીહરિલીલામૃત : ૯/૨/૪૨-૪૩)

''બાપુ ! આવી ડગલી ! આ ડગલીમાં તો મારું હતું એટલું હેત ગૂંથી દીધું છે; હવે બીજું હેત ક્યાંથી કાઢું ? બાપુ ! માફ કરજો ! હવે આ કળા હું બીજી ડગલીમાં લાવી ન શકું. કારણ કે આ ડગલી કેવળ શ્રીજીમહારાજની પ્રસન્નતા ને મારા જીવના કલ્યાણ માટે બનાવી છે. કોઈ ઈનામની ઈચ્છાથી નહિ. ને જો એવું હોત તો આ જેમ મને, તમને ને બધાને ગમે છે એવી ગમત નહિ. હાથમાંથી ઝટ મૂકી દેવાનું મન થાત પણ આ **હેતગૂંથણ**ને થોડા કાંઈ કોઈ જાણી-પરખી શકે !''

પછી વજેસિંહ બાપુએ શહેરના તમામ દરજીઓને બોલાવી આત્મારામે બનાવેલ ડગલી બતાવી તેવી જ આબેહૂબ ડગલી બનાવવા કહ્યું. પરંતુ એક પછી એક દરજીઓએ ડગલીને હાથમાં લઈ ફેરવી ફેરવીને જોઈ. જોતાં જ સૌના હૈયાં હાંફવા માંડ્યાં. 'આવો કસબ તો ન જ થાય.' એવી નિશ્ચળતા સૌના મનમાં ઠસી ગઈ ! ઘણીવાર સુધી ડગલી જોવાઈ. બાપુની ધીરજ ખૂટી તેથી તેઓ બોલ્યા : ''ભાઈઓ ! મૂંઝાતા લાગો છો. થશે કે નહિ થાય એના જવાબમાં આટલો વિલંબ ? '' દરજી બધા સાંભળી રહ્યા. એમાં એક આધેડવયનો દરજી કળા પારખુંઓમાં નિષ્ણાત ગણાતો, એ બોલ્યો : ''નામદાર ! આ ડગલીમાં કોઈ અજબના તાર-ગૂંથણ છે. ઝીણી ઝીણી ભરતપૂરણી પરથી લાગે છે કે આ ડગલી કોઈ રાજાએ દોલત આપીને નહિ કરાવી હોય, કે કરનારે ધનની આશાથી નહિ ગૂંથી હોય. આમાં કોઈ પવિત્ર દિલની ભાવનાઓ ભરેલી છે. આમાં અંતરના તાર ગૂંથણહારે ગૂંથ્યા છે. જેવા તેવાનું આ કામ નથી. મન સાથે એકતાન થઈને આનાં ગૂંથણ કરવા છતાં અમે તો શું બીજા કોઈપણ આવી ડગલી નહિ ગૂંથી શકે. આના ટેભે ટેભે તો જાણે હેત ઊભરે છે...!!!''

દરજીઓની વાત સાંભળી વજેસિંહ બાપુ ઊંડા ઊતરી ગયા : 'આ શું ? મારી રૈયત પણ આવું બોલે છે !' એ ડગલી ગૂંથવાનો વધુ આગ્રહ કરી શક્યા નહિ. શૂન્ય મનસ્ક થઈ ગયા. થોડીવાર પછી બોલ્યા : ''ભાઈઓ ! સાચી વાત છે. આ ડગલીમાં હેતના ટેભા છે ને એના ગૂંથનાર આ બેઠા,'' કહી બાપુએ આત્મારામની ઓળખાણ કરાવી. બધા એમને ભાવથી મળ્યા. પછી સભા બરખાસ્ત થઈ.

બીજે દિવસે સવારે દરબારમાં જવાની ભગવાન શ્રીહરિએ તૈયારી કરી. સફેદ વસ્ત્ર પરિધાન કર્યા. ઉપર આત્મારામની ડગલી પહેરી. પહેરતાં પહેરતાં પણ મહારાજ ડગલીને નીરખતાં થાકતાં જ નહોતા. એટલામાં રૂપાભાઈએ મહારાજના વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. મહારાજે પૂછ્યું : ''આ શું કર્યું ?''

રૂપાભાઈ તો કાંઈ બોલ્યા નહીં પણ રાજાભાઈએ કહ્યું : ''મહારાજ ! અત્તર છાંટ્યું. અમારા રજવાડાંઓમાં આ રિવાજ હોય. શરીર મઘમઘે !''

ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા : ''અંતર ગોબરું હોય, તેમાં વિકાર હોય તે પરસેવા વાટે ગંધ મારતો બહાર નીકળે. શરીરની દુર્ગંધ ઢાંકવા તમારા રજવાડાંઓ આ રીત સારી શીખ્યા છે. પણ અંતર વિકાર વિનાના ચોખ્ખાં રાખો અને પ્રભુભક્તિથી તેને રંગી દ્યો તો શરીરમાંથી અત્તરને ભૂલાવે તેવી

- ❇ કલાત્મક નકશીકામ યુક્ત નાગરાદિ શૈલીમાં પાંચ શિખર.
- ❇ મંદિરની લંબાઈ : ૨૮૦ ફૂટ, પહોળાઈ : ૧૯૭ ફૂટ, ઊંચાઈ : ૧૦૮ ફૂટ
- ❇ આકર્ષક મુખ્ય ઘુમ્મટ : ૩૧x૩૧ ફૂટ
- ❇ કલામંડિત સામરણ શિખર : ૧૩
- ❇ કલાત્મક છતો : ૨૦૧
- ❇ કલાત્મક ઝરુખા : ૨૧
- ❇ કલાત્મક કમાનો : ૮૮
- ❇ કલાત્મક સ્થંભ : ૧૩૮
- ❇ પ્રદક્ષિણા પથ : ૩

- ❇ ગજરાજના ભવ્ય અને કલાત્મક શિલ્પોથી મંદિરપીઠ.
- ❇ ૨૪ સ્થંભો અને ૨૪ તોરણ યુક્ત બે માળની ભવ્ય રૂપચોકી
- ❇ દિવ્ય પ્રદર્શન.



# ‘શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર’ ભાવનગર

સુગંધ છૂટશે.'' રાજાભાઈ આ સાંભળી શરમાઈ ગયા.

ભાવેણા દરબારે ભગવાન શ્રીહરિ માટે બગલા જેવા સફેદ, જાતવાન ચાર ઘોડા જોડેલી બગી મોકલી હતી. તેમાં સુંદર ગાલીચો પાથર્યો હતો. મશરૂના તકિયા મૂક્યા હતા. રાજ્યની લશ્કરી પલટન તથા પદાતિઓ, વાજાંઓ અને રાજ્યની પ્રતિષ્ઠાને દર્શાવતો કેસરિયો ધ્વજ સાથે હતા. રાજ્યની સવારી શ્રીજીમહારાજને તેડવા આવી ગઈ છે તે સૂચવતા બંદૂકોના અવાજ થયા. મહારાજ તરત જ બહાર આવ્યા અને બગીમાં બેસી ગયા એટલે કાઠી પાર્ષદોએ બંદૂકના બાર કર્યા. મહારાજની બગીની બંને બાજુ ચાર-ચાર કાઠી સશસ્ત્ર અસવારો ગોઠવાઈ ગયા. પાછળ પણ એ જ રીતે અસવારો ગોઠવાયા. મહારાજના કાઠી સખાઓ બધા પોતપોતાના ઘોડા ઉપર રાજ્યના પાયદળની પાછળ હારબંધ ગોઠવાઈ ગયા. મોટેરા સંતો માટે રથ મોકલ્યા હતા. તે બધા સદ્‌ગુરુ સંતો તેમાં બિરાજ્યા. બીજા સંતોએ ઝાંઝ-પખાવજ સાથે કીર્તન-ભક્તિ શરૂ કરી.

ધીરે ધીરે સવારી ભાવનગર શહેરના મુખ્ય બજારોમાં ફરતી દરબારગઢ તરફ ચાલી. શ્રીજીમહારાજની આ શોભાયાત્રાના દર્શન કરવા મુખ્ય બજારોમાં અને શેરીઓમાં, અટારીઓમાં અને ઝરૂખામાં હજારો શહેરીજનો ઊમટ્યા હતા. મહારાજના દર્શન કરતા કરતા ડગલી પર સૌની નજર પડતી ત્યારે તે જોઈને સૌ તાજુબ બની જતા. તેમના મુખમાંથી શબ્દો સરી પડતા : ''અહો !! કાંઈ શું ડગલી છે !''

શ્રીજીમહારાજની શોભાયાત્રા દરબારગઢમાં પહોંચી, પણ દરેકના હોઠે આ શબ્દો બોલાતા હતા : ''અહો !! શું કાંઈ ડગલી છે !''

દરબારગઢની કચેરીમાં હજૂરીઓના મુખથી પણ એજ શબ્દો વારંવાર સાંભળતા વજેસિંહ બાપુ પણ એ સાંભળી ''અહો !! લોકો કેવા વખાણ કરે છે !! આવી અદ્‌ભુત ડગલીના ધરતલ કેવા શોભા હશે ? ખરેખર, ભગવાન માટે જ આવી ડગલી બને શકે !'' એ વિચારમાં જ તે ભગવાન શ્રીહરિનું સ્વાગત-સન્માન કરવા પોતાની ગાદી ઉપરથી ઊઠીને કચેરીના દરવાજા સુધી આવ્યા.

નીચે રાજ્યના દીવાને તથા અન્ય ઉચ્ચ અમલદારોએ શ્રીજીમહારાજનું પુષ્પહારથી સન્માન કર્યું. મહારાજનો હાથ પકડી દીવાન મહારાજને કચેરીમાં લઈ આવ્યા. વજેસિંહ બાપુએ મહારાજને પ્રણામ કર્યા. પરંતુ મહારાજના દર્શન કરતાં કરતાં તેઓ મહારાજે પહેરેલી ડગલીને પણ ખૂબજ ભાવથી નીરખી નીરખીને શ્રીજીમહારાજની મૂર્તિ સહિત તેની શોભાને અંતરમાં ઉતારતા હતા.

મહાપ્રભુ શ્રીહરિ માટે મખમલના જરિયાન વસ્ત્રો પાથરી સુંદર ગાદી બનાવી હતી. વજેસિંહ બાપુએ મહારાજનો હાથ પકડી મહારાજને તે ગાદી ઉપર બેસાર્યા. મહારાજ ગાદી ઉપર બિરાજ્યા કે તરત જ સભામાં ઉપસ્થિત રાજ્ય પંડિતોએ **વેદમંત્રોના ઉચ્ચાર** કર્યા. વેદમંત્રના ઘોષ સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. સભા શાંત થઈ ગઈ. વેદમંત્રોનું ઉચ્ચારણ પૂર્ણ થયું. એટલે મહારાજે ભાવેણા દરબારને કહ્યું : ''બાપુ ! આપ ગો-બ્રાહ્મણપ્રતિપાળ ખરા. કારણ, બીજા રાજાઓના દરબારમાં પણ રત્નો હોય છે પણ ગવૈયા, કવિઓ, કલાકારો કે ચારણો. પણ આપે આવા વિદ્વાનો-પંડિતોને પોષ્યા છે તેમાં ખરેખર **રાજ્યની શોભા** છે.''

વજેસિંહ બાપુએ કહ્યું : ''મહારાજ ! આપના પ્રતાપે અમારા આ શહેરમાં રાજ્ય તરફથી **સંસ્કૃતની પાઠશાળાઓ** ચાલે છે. તેમાં બ્રાહ્મણ બાળકોને ભણાવીએ છીએ. વેદના મંત્રો, વિધિ-વિધાન કે અન્ય શાસ્ત્રો શીખીને તે બધા **પારંગત** થાય છે. તેથી અમારા આ શહેરમાં વેદમંત્રોના ઘોષથી જ પ્રાતઃકાળ શરૂ થાય છે.''

ત્યારે શ્રીજીમહારાજે વજેસિંહ બાપુ અને તેમની પ્રજાની **પ્રશંસા** કરતા કહ્યું : ''તેથી જ આપ પણ ભગવાનનું વિભૂતિ સ્વરૂપ છો. યથા રાજા તથા પ્રજા. તેમ આપની પ્રજામાં પણ ધર્મ, નીતિના સંસ્કારો છે તે જાણી અમને **આનંદ** થાય છે. જે રાજ્યની પ્રજા ધાર્મિક હોય, નીતિવાન હોય અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધાવાન હોય તે રાજ્યને **રામરાજ્ય** કહી શકાય. તમારે ત્યાં રામરાજ્ય છે.''

વજેસિંહ બાપુ નીચું મુખ રાખી મહારાજના વચનોને સાંભળી રહ્યા હતા. તેમના મુખ પર ભગવાનની પ્રશંસાને પાત્ર બની શકવાના ગૌરવના ભાવ હતા. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! એ બધો આપનો જ પ્રતાપ છે. સૌની ભક્તિથી અમારું રાજ્ય સંસ્કારી બન્યું છે.''

પછી બ્રાહ્મણોએ ફરી **વેદમંત્રો** શરૂ કર્યા. રાજોપચારથી શ્રીજીમહારાજનું **પૂજન** કર્યું. મહારાજ માટે જરિયાન વસ્ત્રો, આભૂષણો, મેવા, મીઠાઈ વગેરેના થાળ મહારાજને ભેટ કરવા આવ્યા. વજેસિંહ બાપુએ પોતે જ મહારાજને પોષાક તથા અલંકાર ધરાવ્યા. રૂપિયાના થાળ પાસે મૂક્યા. શ્રીજીમહારાજે તરત જ કહ્યું : ''આ રૂપિયા અહીં બેઠેલા આ વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દ્યો.''

ભગવાન શ્રીહરિનો બ્રાહ્મણો પ્રત્યે સદા સદ્‌ભાવ જ રહેતો. બ્રાહ્મણોની મહારાજ સર્વપ્રકારે સદા સંભાવના રાખતા. વજેસિંહ બાપુએ સૌ સંતોને પણ વસ્ત્રો ઓઢાડ્યાં. દાદાખાચરને સાફો બંધાવ્યો તથા કિંમતી શાલ **ભેટ** આપી. દાદાખાચરે બહુ આનાકાની કરી તેમ છતાં વજેસિંહ બાપુએ કહ્યું : ''તમે તો રાજ્યમાં શાંતિ સ્થાપી દીધી છે. વળી, ભગવાન સ્વામિનારાયણને તમારા ગામમાં રાખી રાજ્યમાં ધર્મનું અને

ભક્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. તમારે માટે તો જે કાંઈ કરીએ તોય તે ઓછું છે.'' બીજા કાઠી દરબારોને પણ સાફા ભેટ ધર્યા.

શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા. થોડીવાર કચેરીમાં બિરાજમાન થઈ ભગવાન શ્રીહરિએ બાપુની **રજા** માંગી. બાપુએ પ્રસન્ન વદને બે હાથ જોડી રજા આપતા કહ્યું : ''મહારાજ ! મારા ઉપર પ્રસન્ન રહેજો અને મંદિરના કામમાં કાંઈ પણ અડચણ આવે અથવા તો કોઈ વસ્તુની જરૂર પડે તો તરત જ મને કહેવરાવજો. મારા યોગ્ય **સેવા** જરૂર કરીશ.''

ત્યારે મહાપ્રભુ શ્રીહરિએ કહ્યું :

**'બોલ્યા શ્રીહરિ તેહ સમામાં, થાય મંદિર છે ગઢડામાં;**
**પધરાવ્યા અમે ગોપીનાથ, રાજી છે સહુ પુરજન સાથ.**
**સાચા સંત ત્યાં ભજન કરે છે, ઉગ્ર તપ પણ તે આચરે છે;**
**તેનો ભાગ ભૂપાળને આવે, એવી રીતે શ્રુતિસ્મૃતિ ગાવે.**
**પણ આવે છે આપના જન, કરે છે કાંઇ આવી વિઘન;**
**રાજિ આપની જો નવ હોય, પ્રતિમાઓ ઉથાપિયે સોય.**
**પધરાવીયે જૈ બીજે ગામ, કહો તો રચિયે પુરું ધામ;**
**સુણી બોલ્યા ગોહેલકુળભાણ, મીઠાબોલા ને નીતિના જાણ.**
**આપ એશું બોલ્યા મહારાજ, કરું આપ પ્રતાપે હું રાજ;**
**મારા દેશ વિષે વિચરો છો, મોટું ધામ વળી આદરો છો.**
**તેથી દેશમાં છે નવનીધ, સુખસંપત્તિ છે સર્વવીધ;**
**એમ કહી કારકુન બોલાવ્યો, રુડી રીતેથી હુકમ લખાવ્યો.**
**કરે સ્વામિનારાયણ ધામ, કોઈ હરકત ન કરે તે ઠામ;**
**કરી સહી નિજ સિક્કાથી છાપ્યો, હરિના હાથમાં પત્ર આપ્યો.'**
(શ્રીહરિલીલામૃત : ૯/૨/૫૦-૫૫)

વજેસિંહ બાપુના વિનમ્ર વચન સાંભળી **ભગવાન શ્રીહરિ** બોલ્યા : ''રાજન્ ! અમે ગઢપુરમાં શ્રી ગોપીનાથજી દેવ પધરાવ્યા છે. તે મંદિરમાં સાચા સંતો રહે છે અને અખંડ ભજન કરે છે. પણ તમારા રાજ્યમાં અમે જે આ મંદિર કર્યું છે એ જો તમને પસંદ ન હોય તો અમે તે મૂર્તિઓને બીજા રાજ્યમાં લઈ જઈએ. હજુ મંદિર અધુરું છે. જો તમારી મરજી હોય તો તે પૂર્ણ કરીએ.''

મહાપ્રભુ શ્રીહરિના આવા મીઠા ઠપકા જેવા વચનો સાંભળીને **વજેસિંહ બાપુ** કહે : ''મહારાજ ! આપ આ શું કહો છો ? હું આપના પ્રતાપથી જ રાજ્ય કરું છું. આપ મારા દેશમાં વિચરો છો તેથી મારા રાજ્યમાં રિદ્ધિ-સિદ્ધિ વૃદ્ધિ પામી છે. આપ અમારા તાબાના ગામમાં મંદિર કરો તેથી અમારા રાજ્યની શોભા અને સંપત્તિ વધે છે. મહારાજ ! લ્યો, હું અત્યારે જ **હુકમનામું** લખી આપું છું.''

પછી તરત જ પોતાના કારભારીને બોલાવીને હુકમનામું લખાવી આપ્યું કે, ''ભગવાન સ્વામિનારાયણ આપણા રાજ્યમાં જ્યાં જ્યાં મંદિર કરે ત્યાં કોઈએ હરકત ઊભી કરવી નહીં અને કોઈ પ્રકારે વિઘ્ન કરવું નહિ. સહુ પ્રજાજનોએ સહકાર આપવો. મારું સમગ્ર રાજ્યતંત્ર પણ આજથી બનતી બધી જ મદદ કરશે. જે વિઘ્ન કરશે તે રાજ્યનો ગુનેગાર ગણાશે.'' હુકમમાં વજેસિંહ બાપુએ પોતાના **હસ્તાક્ષર** કરી રાજદરબારનો **સિક્કો** મારીને ભગવાન શ્રીહરિને એ પત્રલેખ હાથોહાથ અર્પણ કર્યો. કચેરીના દરવાજા સુધી બાપુ શ્રીજીમહારાજને મૂકવા આવ્યા. મહારાજ નીચે પધાર્યા ને જે રીતે દરબારગઢમાં પધાર્યા હતા, તે જ પ્રકારે પાછા વડવામાં રૂપાભાઈના દરબારમાં પધાર્યા.

મહાપ્રભુ શ્રીહરિએ ઉતારે આવીને તરત જ **ગઢપુર જવાની તૈયારી** કરી. દરબારમાં જતાં પહેલા મહારાજે સંઘના શૂન્યાતીતાનંદ સ્વામી આદિક સંતો-હરિભક્તોને કહી દીધું હતું કે, ''તમે નીકળીને વરતેજ ગામે નદીતટે સંઘ માટે રસોઈ તૈયાર કરાવો. અમે દરબારમાંથી નીકળી સીધા વરતેજ આવીશું.'' એટલે તે સંઘ તો નીકળી ગયો હતો. મહારાજે મોટા સદ્ગુરુઓ, કાઠી દરબારો તથા પાર્ષદો સાથે ભાવનગરથી નીકળી વરતેજની વાટ પકડી. રૂપાભાઈ, રાજાભાઈ તથા અન્ય હરિભક્તો મહારાજને વળાવવા આવ્યા. તેમને સૌને મહારાજે ભાવનગરની હદ છોડતાં રજા આપી પાછા વાળ્યા.

ભગવાન શ્રીહરિ **વરતેજ** નજીક આવ્યા. ત્યારે હરજી ઠક્કરની પુત્રી પ્રેમબાઈ જેને વરતેજમાં પરણાવી હતી, તે મહારાજના દર્શન કરવા આવી. મહારાજ એક પીપરનું ઝાડ હતું ત્યાં પહોંચી ગયા હતા. પ્રેમબાઈ દોડીને ત્યાં આવી. મહારાજને પ્રણામ કરી, તેની પાસે એક રૂપિયો હતો તે તેણે મહારાજને ભેટ ધર્યો. મહારાજે તે પ્રેમપૂર્વક ગ્રહણ કર્યો. પછી પોતાની પાસે રાજાભાઈએ આપેલ મેવો હતો તે પ્રેમબાઈને આપ્યો. પ્રેમબાઈ તો આ પ્રસાદીથી કૃતાર્થ થઈ ગઈ ! તેણે કહ્યું : **'આંહી તમથી વિજોગે રહેવું, હું તો જાણું છું જમપુરી જેવું; ત્યારે શ્યામ કહે સારું થાશે, ભગવાન ભજ્યે કષ્ટ જાશે.'** ''મહારાજ ! આપના દર્શનથી હું કૃતાર્થ થઈ ગઈ છું, પણ અહીં આપનો વિયોગ છે એટલે અહીં રહેવું ગમતું નથી.''

મહારાજે ધીરજ દેતાં કહ્યું : ''ભગવાનનું ભજન કરજે એટલે કષ્ટમાત્ર દૂર થઈ જશે !''

મહાપ્રભુ શ્રીહરિ વરતેજમાં પધાર્યા. ત્યાં પ્રેમબાઈના ધણી **મેઘજી ઠક્કર** શ્રીજીમહારાજના દર્શને આવ્યા. મહારાજને રોકાવા માટે તેણે ઘણી તાણ કરી, પરંતુ મહારાજે કહ્યું : ''અમારે ઉતાવળ છે માટે રોકાશું નહીં.'' એમ કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા અને માલેસરી નદી પાસે આવ્યા.

અહીં એક **કાળિયો આંબો** હતો. તેની ઘટા ખૂબજ પ્રસરી હતી. શ્રીજીમહારાજે તેની નીચે **ઉતારો** કર્યો. તે વખતે અવલબા ભાવનગરથી મેવા-મીઠાઈ લાવ્યાં હતાં તે તેઓ શ્રીજીમહારાજ પાસે લાવ્યા. મહારાજ તેમાંથી થોડું જમ્યા. બીજી પ્રસાદી સખાઓને આપી દીધી. ભાવનગરથી કેટલાક હરિભક્તો અહીં

અનુસંધાન પેજ નબર - ૨૭૫૨



# ભાવનગરમાં પધારતા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

સં. ૧૯૧૬માં જૂનાગઢમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાવિધિ ધામધૂમથી ઊજવીને બોટાદના શિવલાલ શેઠના **આગ્રહ**ને વશ થઈ અને ભાવનગર રાજ્યના રાજવી મહારાજા વજેસિંહના **આમંત્રણ**થી ધ.ધુ. આદિઆચાર્ય **શ્રી રઘુવીરજી મહારાજ** સંતો-હરિભક્તો સાથે સૌપ્રથમ ભાવનગરમાં પધાર્યા હતા. વજેસિંહ બાપુએ જે રીતે શ્રીજીમહારાજનું **સ્વાગત-સન્માન** કર્યું તે જ રીતે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની **ભવ્ય શોભાયાત્રા** શહેરના રાજમાર્ગો પર કાઢીને સન્માન કર્યું.

અહીં **સત્તર દિવસ સુધી** રોકાઈને ભાવનગરની પ્રજામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ઘણી સારી છાપ પાડેલી. એક દિવસ રાજસભામાં આચાર્ય મહારાજશ્રી તથા **વિદ્વાન સંતો** પધાર્યા. તે સમયે રાજસભામાં પંડિતો અને રાજ અમલદારોની હાજરીમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દીક્ષિત બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના સર્વજીવહિતાવહ **સિદ્ધાંતો**માં રહેલ સનાતન દિવ્યતા, વિશાળતા અને સર્વધર્મ સમન્વયતાનું સુંદર અને સચોટ રીતે નિરૂપણ કર્યું હતું અને અંતમાં તેમણે સંપ્રદાયના **નિષ્કામ ધર્મ**નું સારી રીતે **પ્રતિપાદન** કર્યું.

બ્રહ્મચારી અચિંત્યાનંદજીની રજુઆત સાંભળીને તે સમયે સભામાંથી કમળનયન શાસ્ત્રી ઊભા થયા અને વિનમ્રતાથી

બ્રહ્મચારીને કહ્યું : "સ્વામીજી ! આપે જે નિષ્કામવ્રતનું ઘણું સુંદર નિરૂપણ કર્યું પણ તેમાં મને એક **શંકા** થઈ છે કે પૂર્વે કેવળ વૃક્ષના પર્ણો, પાણી કે પવનનું ભક્ષણ કરીને દેહનિર્વાહ કરનાર વિશ્વામિત્ર, પરાશર કે સૌભરી જેવા ઋષિમુનિઓને પણ જો પોતાના આ મહાવ્રતમાં વિક્ષેપો આવ્યા છે તો તમારા સાધુ પુરુષો મિષ્ટાન જમતા થકા નિષ્કામ ધર્મ કેવી રીતે પાળી શકે ? અર્થાત્ ન જ પાળી શકે અને તે મુજબની આપ માન્યતા ધરાવતા હોય તો તે સાગરમાં વિંધ્યાચળ પર્વત તર્યા જેવું કહેવાય કે બીજું કાંઈ ?" આમ કહીને તે શાસ્ત્રીએ પોતાની ઉપરોક્ત **દલીલ**ના સમર્થનમાં એક **શ્લોક** કહી સંભળાવ્યો :-

'विश्वामित्र पराशरप्रभृतयो वातांबुपर्णाशनाः ।
तेऽपि स्त्रीमुख पंकजं सुललितं द्रष्ट्वैव मोहं गताः ।।
शाल्यन्नं सघृतं पयोदधियुतं भुंजंति ये मानवाः ।
तेषामिंद्रियनिग्रहो यदि भवेत् विंध्यस्तरेत् सागरे ।।'

આ શ્લોક બોલીને શાસ્ત્રીએ પોતાના મનમાં ઊભી થયેલી **આશંકાઓનું નિવારણ** કરવા બ્રહ્મચારીને જણાવ્યું. તે સમયે ઉપસ્થિત સભાજનોએ પણ કમળનયન શાસ્ત્રીની આશંકાના નિવારણ માટે પોતાનું સમર્થન આપ્યું.

તે સમયે વિદ્વત્તાની મૂર્તિ સમાન સ.ગુ. **બ્રહ્મચારી** શ્રી **અચિંત્યાનંદજી** ઊભા થઈને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને વંદન કરી, આજ્ઞા લઈને તેમણે શાસ્ત્રીજી તથા સભામાં બેઠેલા સભાજનો તથા વિદ્વાનોને ઉદ્દેશીને કહ્યું : "હે પંડિતો ! આપણે સહુ જાણીએ છીએ કે લોખંડની સોય પાણીમાં જરૂર ડૂબી જાય, પરંતુ તે સોય લાકડામાં ભરાવેલી હોય તો લાકડાના સહારે તે સોય પણ તરે છે. તેમ અમારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની ભક્તિ અને સંબંધ અમને તારે છે અને તેઓના જ બળ વડે અમે નિષ્કામ ધર્મનું પાલન કરી શકીએ છીએ.

વળી, હે વિદ્વાનો ! આપની માન્યતા પ્રમાણે નિષ્કામવ્રતને કેવળ ખોરાક સાથે જ સંબંધ હોય તો મદોન્મત્ત હાથી અને ચરબીએ યુક્ત સૂવરનું માંસ ખાનાર સિંહ જેવું પ્રબળ પ્રાણી વર્ષમાં એક જ વખત તેની કામનાવૃત્તિ (સંભોગવૃત્તિ)ને સંતોષે છે. જ્યારે અન્નકણ કે ધોળી કાંકરીઓ ચણીને પેટ ભરતા પારેવા (કબૂતર) તેમજ ચકલાઓ નિત્ય સંભોગવૃત્તિથી ઉત્તેજીત થાય છે. તો આ બંને બાબતમાં ભોજનની અસરકારકતાએ શો ભાગ ભજવ્યો ?" આમ કહી તેમણે પણ પોતાના ઉપરોક્ત જવાબને સમર્થન આપતો એક **સુંદર શ્લોક** મધુર સ્વરે ગાઈને સભાજનોને સંભળાવ્યો :-

'सिंहो बली द्विरदसूकरमांसभोजी संवत्सरेण कुरुते रतिमेकवारम् ।
पारावतः खलु शिलाकणमात्रभोजी कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ।।'

બ્રહ્મચારી અચિંત્યાનંદજીનો આવો **સચોટ** અને તર્કસંગત **ઉત્તર** સાંભળીને કમળનયન શાસ્ત્રીનો ગર્વ ઉતરી ગયો. અને તેઓ બ્રહ્મચારીજીની વિદ્વત્તાથી ખૂબજ **આશ્ચર્ય** પામ્યા. તેઓને તેમજ સભામાં બેઠેલા અન્ય પંડિતોને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો અને સંપ્રદાયના આશ્રિતો પ્રત્યે ખૂબજ **આદરભાવ** થયો. મહારાજા વજેસિંહજી પણ બ્રહ્મચારી અચિંત્યાનંદજીની વિદ્વત્તાથી અતિ પ્રભાવિત થઈને તેઓએ સભામાં મુક્તકંઠે **પ્રશંસા** કરી. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પણ બ્રહ્મચારી અચિંત્યાનંદજી ઉપર અપાર **રાજીપો** દાખવ્યો હતો.

✦✦✦✦✦

એકવખત ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી તથા કૌમુદી ભણનારા ચૈતન્યાનંદ સ્વામીને બોલાવીને **સુરત જવા** આજ્ઞા કરી ત્યારે બંને સંતો ગાડીમાં બેસી **ભાવનગર** આવ્યા. રૂપાભાઈ ક્ષત્રિય ભક્તને ત્યાં ઊતર્યા. સંતો પધાર્યા છે તેવા સમાચાર સાંભળી નગરના હરિભક્તો દર્શનાર્થે આવ્યા. બે-ત્રણ દિવસ સંતો અહીં રહ્યા.

ભાવનગર શહેરમાં **તેજપાળ** નામે વણિકભક્ત જે રાજદરબારના **અમાત્ય** હતા તે સત્સંગના મોટા સંતને વારે વારે ઈચ્છતા હતા. સંતો પધાર્યા છે તેવી વાત સાંભળી તે પણ આવ્યા. નિત્યાનંદ સ્વામીને પગે લાગી હાથ જોડી બોલ્યા : "સ્વામી ! આપના ચરણમાં નિવાસ આપો. જગતમાં વૃત્તિ રહે છે તેવી મોક્ષમાર્ગમાં ચોટતી નથી. મોક્ષમાર્ગમાં ચોંટે તેવી કૃપા કરો. ધન-સ્ત્રીઓમાં તો રાજા, રંક, ફકીર અને દેવો સૌ બંધાયા છે અને તમે નિર્બાધ છો. તેથી તમે જગતને જીતીને વર્તો છો."

પછી નિત્યાનંદ સ્વામી અમાત્ય પ્રત્યે બોલ્યા : "મન-કર્મ-વચને સત્પુરુષનો સંગ કરવાથી **મોક્ષના અંકુર** ઉદય પામે છે. નાવના યોગ વિના સમુદ્ર પાર ઊતરાય નહીં. પથ્થરના નાવમાં બેસે તે ડૂબી જાય છે. અસત્ પુરુષનો સંગ પથ્થરના નાવ જેવો છે. સત્પુરુષના સંગથી **જ્ઞાન સમાધિ** થાય ત્યારે યથાર્થ વાત દેખ્યામાં આવે છે અને ભગવાનમાં **પ્રેમ** થાય છે."

આ રીતે સ્વામીની વાત સાંભળી અમાત્યને સ્વામી પ્રત્યે **ભાવ** થયો. પછી પોતે કરેલા નવા ભવનમાં સંતોની **પધરામણી** કરાવી હિંડોળામાં ઝુલાવી પૂજા કરી. પછી સંતોની સાથે બંદર પર આવી નાવમાં બેસાડી પોતે નાવનું ભાડું આપ્યું. નાવ જ્યારે ચાલ્યું ત્યારે તેજપાળ અમાત્ય અને બીજા સત્સંગીઓ પાછા વળ્યા.

(શ્રીહરિચરિત્રામૃત ગ્રંથમાંથી સાભાર...)



# ભાવનગરમાં નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો શુભારંભ

આજથી લગભગ બે સદી પહેલા મહાપ્રભુ અક્ષરાધીશે આ પૃથ્વી ઉપરથી વિદાય લેવાનો સંકલ્પ કર્યો ત્યારે અક્ષરઓરડીમાં બિરાજતા થકા આપણા **આત્યંતિક શ્રેય**ની **ચિંતા** કરે છે. જેની નોંધ સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામીએ 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં આ પ્રમાણે લીધી છે :- 'धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल । तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ।।' - મેં અવતાર ધારણ કરી જે કાર્ય કરવા યોગ્ય હતું તે સર્વે સંપાદન કરેલું છે, તો પણ **ભવિષ્યમાં થનાર મનુષ્યોનું કાંઈક હિત** મારે કરવું. હું પૃથ્વીમાંથી અંતર્હિત થાઉં, ત્યારે આ મારા આશ્રિતો આધાર વિનાના થશે. તેમને માટે, મારા ભક્તોના આલંબન માટે કંઈ પણ કરવું. દયા અને વાત્સલ્યના નિધિ ભગવાન શ્રીહરિએ આ પ્રકારે વિચારીને પૃથ્વીમાં સર્વ મનુષ્યોનું **ત્રણ પ્રકારે હિત** કરવાનો વિચાર કર્યો. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૭)

'कारयित्वा मन्दिराणि तत्र स्वप्रतिमा अहम् ।

स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ।।' - હું મંદિરોમાં **મારા અર્ચાવતારોની પ્રતિષ્ઠા કરાવું** પછી મારી પ્રતિમાઓને મનુષ્યો હાલમાંના ભક્તજનો અને ભાવિ ભક્તજનો સેવા કરશે જ. આ લોકમાં પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય આચારમાં વર્તતા સર્વે પુરુષો તે પ્રતિમાઓનું સેવન કરવાથી ચાર પુરુષાર્થની સિદ્ધિ પામશે. ભક્તિમાર્ગની પુષ્ટિને માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે. માટે સર્વ પ્રકારે દોષ રહિત **ધર્મના વંશમાં ગુરુપણું સ્થાપન કરું**. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના બોધ માટે શતાનંદમુનિ મારાં **ચરિત્રોનો મહાન ગ્રંથ** કરશે. મારાં આશ્રિતજનો તે ગ્રંથથી સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત જાણશે. માટે આ પ્રકારે કરીને જ પૃથ્વીથી પોતાના અક્ષરધામને વિષે જઈશ.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૧૦-૧૨)

આવો સંકલ્પ કરી જેના પાયા છેક પાતાળ સુધી ઊંડા છે અને જેની ધજાઓ મુક્ત સમીરની લહેરોથી લહેરાતી આભની સાથે વાતો કરે છે એવા આલીશાન વિશાળ દિવ્ય મંદિરોનું સ્વહસ્તે નિર્માણ કરાવ્યું. ભગવાન શ્રીહરિનો એવો **સ્પષ્ટ મત** હતો કે,

"...અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે **અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે** તેમાં જો થોડો ત્યાગ રહેશે તોપણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે."

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પસંભૂત મંદિરો એટલે કેવળ દેવઘર નહિ કે, જ્યાં કેવળ આરતી-પૂજા અને થાળ થતાં હોય, ઘંટ-ઝાલર અને ફક્ત નગારા વાગતાં હોય; પણ એ **મંદિરો એટલે** જ્યાં સમય અટકે અને આત્માને શાંતિ મળે... એ મંદિરો એટલે પ્રેમ અને સંવાદિતાનું સ્થાન.

વળી, મંદિરમાં નિત્ય જવાની આજ્ઞા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રીમાં** ૬૩માં **શ્લોકમાં** લખે છે કે :- 'भगवन्मंदिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।' - અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું. આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો મંદિર પ્રત્યે પોતાનો **આદર્શભાવ** અને **અભિપ્રાય** અનેરો જોવા મળે છે.

ઉપરોક્ત મંદિર મહિમા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરના નિર્માણના **દિવ્ય સંકલ્પ**ને સાકાર કરવા પુણ્યશાળી **ગોહિલવાડ**ની પાવન **ધરા** ઉપર, સંપ્રદાયમાં સનંદન સનકાદિકનો અવતાર ગણાતા અને જેમનો જન્મ સદ્‌ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામીના આશીર્વાદથી થયો છે એવા **શ્રીજીસમકાલીન** સ.ગુ. **બ્રહ્મચારી** શ્રી **આનંદાનંદજી** વર્ણીએ 'હરિમંદિર'નું નિર્માણ કરાવીને ભાવનગર શહેરના **સત્સંગ**નું **પોષણ** કર્યું.

આ એ જ **આનંદાનંદ બ્રહ્મચારી** છે કે જેમને ભગવાન શ્રીહરિએ સં. ૧૮૭૮ની સાલમાં અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની સ્થાપના કરી ત્યારે દેવની સેવામાં રાખ્યા હતા. સં. ૧૮૮૪માં જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવની સ્થાપના કરી ત્યારે ત્યાં પણ દેવોની સેવામાં રાખ્યા હતા. ધોલેરામાં પણ દેવોની સેવા કરી હતી અને છેલ્લે ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજની ઘણા વર્ષો સુધી સેવા કરી, તે સાથે અનેક ગામડાઓમાં **સત્સંગ પ્રચાર** કરી ઘણા મુમુક્ષુઓને પ્રભુભક્તિના માર્ગે ચડાવ્યા હતા. તે દરમ્યાન **ભાવનગર** શહેરનો **સત્સંગ સમાજ** પણ સ્વામીના ઉપદેશથી સત્સંગપરાયણ બન્યો હતો.

શ્રીજી સમકાલીન સ.ગુ. બ્રહ્મચારી શ્રી આનંદાનંદજીએ હરિમંદિરનું **નિર્માણકાર્ય** કરીને ભગવાન શ્રીહરિની સભામૂર્તિ, એક જોડ ચરણારવિંદ તથા પોતાની નિત્યપૂજાના પંચધાતુના શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિની સ્થાપના કરી હતી. આજે ઉત્તરોતર ભાવનગર શહેરનો સત્સંગ વૃદ્ધિને પામતા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ સંકલ્પથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ગોહિલવાડવાસી ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**ના નિર્માણકાર્યનો **શુભારંભ** થઈ રહ્યો છે.

ભાવનગર શહેરમાં રાજકોટ હાઈવે પર માર્કેટીંગ યાર્ડની સામે જ આવેલી તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય જગ્યા પર કલાથી નીતરતું મનોરમ્ય પંચશિખર યુક્ત મંદિર **સંપ્રદાય** અને **ગોહિલવાડ-ગુજરાત** અને ભાવનગર **શહેર**ની **શાન** ગણાશે.

**'શિલ્પ રત્નાકર'** શાસ્ત્ર પ્રમાણે અને ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત મંદિરો મુજબ **નાગરાદિ શૈલી**માં આ મંદિરની **લંબાઈ** ૨૮૦ ફૂટ, **પહોળાઈ** ૧૯૭ ફૂટ અને શિખરોની ધ્વજદંડ સહિત **ઊંચાઈ** ૧૦૮ ફૂટની રહેશે. વાસ્તુ શાસ્ત્રના વિધાન મુજબ તથા સમરાંગણ સૂત્રના સિદ્ધાંત પ્રમાણે મુખ્ય મંડપનું **માપ** નક્કી કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મંદિર બહારથી સાઈટથી **બંસીપહાડપુર** ગુલાબી **પથ્થર** વડે અને મંદિરની અંદર મકરાણા **સંગેમરમર** આરસ **પથ્થરો** વડે નિર્માણ પામશે. ગગનચૂંબી પાંચ ભવ્ય શિખરો, ભવ્ય કલાત્મક નકશીકામ યુક્ત અને મૂર્તિઓના શણગારથી અલંકૃત મુખ્ય એક ઘુમ્મટ, ત્રણ નાના ઘુમ્મટ તથા તેર સમચતુષ્કોણ (સામરણ) શિખર તથા ૮૮ કલાત્મક કમાનો અને કુલ ૧૩૮ સ્થાપત્યસભર સ્થંભના પાયા સહિત આ **મંદિરનું નિર્માણ** થશે.

મંદિરના ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૨૪ સ્થંભો અને ૨૪ તોરણ યુક્ત બે માળની ભવ્ય રૂપચોકી (પ્રવેશચોકી) નિર્માણ થશે. મંદિરને ફરતે પરંપરાગત સ્થાપત્ય ધરાવતા સ્થંભોથી નીખરી ઊઠતો ત્રણથરો **પ્રદક્ષિણાપથ** થશે. ૧. મુખ્ય મંદિર ફરતે, ૨. મંદિરની જગતી ફરતે અને ૩. મંદિરની પીઠ ફરતે.

મંદિરની **પીઠ**ને ગજરાજના ભવ્ય અને કલાત્મક શિલ્પથી કંડારવામાં આવશે. મંદિરની **જગતી**ને ભગવાન શ્રીહરિ અને

અવતારોના લીલાચરિત્રોના શિલ્પો દિવાલમાં કંડારવામાં આવશે. મંદિરમાં કુલ ૨૦૧ **કલાત્મક છતો** થશે. જે છતોમાં ક્યાંય **કલાકોતરણી**નું પુનરાવર્તન કરવામાં નહિ આવે. આ મંદિરમાં ૧,૫૦,૦૦૦ ઘનફૂટ બાલેશ્વર પથ્થર, ૧,૨૫,૦૦૦ બંસીપહાડપુર પથ્થર અને ૨૫,૦૦૦ મકરાણા આરસ પથ્થર વપરાશે. આ મંદિરના અંડરગ્રાઉન્ડમાં **ભારતીય સંસ્કૃતિ** અને **ઈતિહાસ** તથા ભગવાનના **જીવન** અને **સંદેશ**ને દર્શાવતું **ભવ્ય-દિવ્ય પ્રદર્શન** થશે.

આ ભવ્ય-દિવ્ય મંદિર મુમુક્ષુ જીવાત્માના મનમાં આધ્યાત્મિકતા અને હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટ કરશે અને દર્શનાર્થીના મનમાં અમીટછાપ છોડતું એવું આ **તીર્થધામ** બનશે.

આ મંદિરની સાથે સાથે શૈક્ષણીક અને સામાજીક ક્ષેત્રે **કાર્ય** થશે.

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ પ્રાંતના ગ્રામ્ય વિસ્તારોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ પછી સારી કોલેજોમાં ઉચ્ચતમ **અભ્યાસ** માટે સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાં વિદ્યાર્થીઓને જવું પડે છે.

આ મોટા શહેરોમાં આવ્યા પછી વિદ્યાર્થીઓ સામે આવે છે

- આવા **પ્રશ્નો ?**

- રહેવાનું ક્યાં ?

- શુદ્ધ સાત્ત્વિક ભોજન ક્યાં ?

અને અહીં મોટા શહેરોમાં પછી વિદ્યાર્થીઓનું જીવન કુસંગતથી વ્યસન-ફેશન કે કુટેવોમાં ન સપડાય તે પણ ખૂબજ જરૂરી છે. સાથે-સાથે મોટા શહેરોમાં આજની મોંઘવારી, મોંઘા ભાડા અને મોંઘા ખર્ચા ન કરી શકે તેના માટે શું ? આર્થિક રીતે નબળી સ્થિતિવાળા હોશિયાર વિદ્યાર્થીના ઉચ્ચતમ અભ્યાસનું શું ?

આ કોલેજીયન વિદ્યાર્થીઓના અભ્યાસની ચિંતા, તેની રહેવાની ચિંતા, તેની જમવાની ચિંતા સાથે તેના સંસ્કારની ચિંતાને **દૂર** કરવા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના **રૂડા આશીર્વાદ** સહ **આજ્ઞાથી** પૂ. સ્વામીના **માર્ગદર્શન** પ્રમાણે આ ભાવનગર નૂતન મંદિરમાં ૨૦૦૦થી વધુ કોલેજીયન વિદ્યાર્થીઓ માટે **છાત્રાલય**ની સુવિધા ઊભી કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને **વિના મૂલ્યે** રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા છે. તેમજ વિદ્યાર્થીઓને કોલેજ જવા માટે તદન નિઃશુલ્ક વાહન વ્યવસ્થા પણ થશે. અને અભ્યાસની સાથે-સાથે પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં વિદ્યાર્થીઓને ભારતીય વૈદિક સંસ્કૃતિના **શુભ સંસ્કારો**નું પણ **શિક્ષણ** પ્રાપ્ત થશે.

અનુસંધાન પેજ નબર - ૫ નું ચાલું...

માટે તારે ઘેર પાછો જા.' પ્રગટ પ્રભુની ઓળખાણ આ ગોહિલવાડની પુણ્યભૂમિએ જ એક મુમુક્ષુને કરાવી છે. જૂનાગઢના ભારતભરમાં પ્રસિદ્ધ ભક્તરાજ નરસિંહ મહેતાની પ્રાગટ્યભૂમિ પણ આ ગોહિલવાડ જ છે. નરશી મહેતાએ તળાજામાં જન્મ ધારીને ગોપનાથમાં સમુદ્રતીરેથી જ ભગવદારાધનાનો આરંભ કરેલો છે.

➠ સં. ૧૯૧૬માં જૂનાગઢમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા મહોત્સવ કરીને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ સંતો-ભક્તો સાથે પધારી ૧૭ દિવસ સુધી રોકાણ કર્યું હતું. ત્યારે વજેસિંહ બાપુએ ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા હતા અને તેમનું સ્વાગત કર્યું હતું કર્યું હતું. તે જ રીતે મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરીને આવકાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ, આચાર્ય મહારાજશ્રી તથા નંદસંતો, શ્રીજીસમકાલીન ભક્તોના પદરજથી પાવન થયેલ આ ગોહિલવાડની સંસ્કારીનગરી ભાવનગરની ભૂમિમાં સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ગોહિલવાડવાસી ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**નો **સં. ૨૦૭૨ પોષ સુદ - ૨, તા. ૧૧-૧-૨૦૧૬, સોમવાર થી સં. ૨૦૭૨ પોષ સુદ - ૧૦, તા. ૧૯-૧-૨૦૧૬, મંગળવાર** સુધી ભવ્ય **'મંગલ શિલાન્યાસ મહોત્સવ'**નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ **'ચિંતન' અંક**ના માધ્યમથી ગોહિલવાડની પુણ્યશાળી ધરાના **દિવ્ય પ્રસંગો**ને માણીએ.

અનુસંધાન પેજ નબર - ૧૦ નું ચાલું...

''સ્વામી ! તમે બાબરિયાવાડમાં ફરો છો તો તમારે હવે ઓઘડ ખુમાણને સત્સંગ કરાવવાનો છે.'' યોગાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામીની આજ્ઞા શિરે ચડાવી.

પછી એકવખત ભાવનગરમાં **દેવજીભક્તની ધર્મશાળામાં** ઓઘડ ખુમાણને **યોગાનંદ સ્વામીનો યોગ** થયો. આ પ્રસંગે

સ્વામીની કીર્તન-ભક્તિથી અને ઉપદેશથી ઓઘડ ખુમાણના અંતરમાં થયું કે, આવા સાધુ હજુ સુધી જોયા નથી. તેથી તેમણે યોગાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમોને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કરો." ત્યારે સ્વામીએ કહ્યું : "તમો અમારા સંપ્રદાયના નિયમોનું પાલન નહીં કરી શકો." તે વખતે **ખુમાણ ભાઈઓ** કહે : "સ્વામી ! શું ન પાળી શકીએ ? તમારા દેખતા જુઓ." એમ કહી તેમણે બંદૂકો પથ્થર સાથે ભટકાડી ત્રણ-ત્રણ કટકા કરી નાખ્યા. પછી ખુમાણ **સાખી** બોલ્યા : **"વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર; શૂરા બોલ્યા નવ ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર..."**

આ સાખી સાંભળી યોગાનંદ સ્વામીએ તેમને **પંચવર્તમાન** ધરાવ્યા. તેઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત આશ્રિત થયા અને **શિર સાટે સત્સંગ** પાળતા હતા. ઓઘડ ખુમાણ સત્સંગી થયા તેથી તેમના **પ્રસંગ**થી તેમની જ્ઞાતિના સર્વે ખુમાણોએ દારૂ-માંસ ત્યજી દીધાં. યોગાનંદ સ્વામીને વારંવાર પોતાના ગામ **ભમોદરા** અને **શેલણા** બોલાવી સત્સંગ કરીને ખાસ સ્વામીના કંઠે કીર્તનપદો સાંભળતા. આજે પણ તેઓના ઘરે સ્વામીના **દોકડ** તથા **તંબુર** વગેરે સંગીતના સાધનો છે. અને સ્વામીએ રાજી થઈને શ્રીજીમહારાજના પ્રસાદિના **ચરણારવિંદ** આપ્યા હતા તે પણ છે.

અનુસંધાન પેજ નબર - ૧૩ નું ચાલું...

**પ્રાર્થના** છે."

શ્રીજીમહારાજે તેમને **આશીર્વાદ** આપ્યા. બાપુએ પછી મહારાજની રજા માંગી. મહારાજે પ્રસન્ન વદને રજા આપી. જતાં જતાં વજેસિંહ બાપુએ કહ્યું : "મહારાજ ! ભગુજીને ઉતારે મોકલજો. મારે તેમનો ઘા જોવો છે."

મહારાજે કહ્યું : "તમારી સાથે જ આવશે."

પછી તરત જ મહાપ્રભુ શ્રીહરિએ ભગુજીને કહ્યું : "ભગુજી ! બાપુની સાથે જાઓ, તમારો ઘા જોશે તેમાં અમારો મહિમા વધશે કે આવા શૂરવીર સુભટો અમારા સેવકો છે." ભગુજીને સંકોચ થતો હતો, પરંતુ મહારાજે આજ્ઞા કરી એટલે બાપુની સાથે ગયા. અને ભગવાન શ્રીહરિ સીધા દરબારગઢમાં સભામાં પધાર્યા.

વજેસિંહ બાપુ ઉતારે ગયા પછી ભગુજીને પોતાની સામે ગાદી ઉપર બેસવા કહ્યું. ત્યારે ભગુજીએ કહ્યું : "નેક નામદાર ! મારાથી આપની સમક્ષ ગાદી ઉપર બેસાય નહીં."

પરંતુ વજેસિંહ બાપુએ આગ્રહ કરી તેમને બેસાર્યા. પછી ભગુજીને કહ્યું : "ખબડ અને મતારા સાથેના ધિંગાણામાં તમારે શરીરે ખબડે જનોઈવઢ ઘા કર્યો હતો તે અમારે જોવો છે." તરત જ ભગુજીએ પોતાનું અંગરખું ઉતારીને વજેસિંહ બાપુને ઘા બતાવ્યો. વજેસિંહ બાપુ તો ઘા જોઈને તાજુબ થઈ ગયા ! તેમણે બીજા દરબારીઓને કહ્યું : "જુઓ, આ શૂરવીરના એંધાણ !"

પછી ભાવેણા મહારાજાએ ભગુજીને પૂછ્યું : "આવા ઘા પછી પણ તમે ખબડને ચીરી નાંખ્યો ?"

ભગુજીએ કહ્યું : "નામદાર ! એ બધી મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા ! મને તો એ વખતે કાંઈ જ ભાન ન હતું. ઘા પડ્યો એટલે માથેથી ફેંટો ઉતારી કેડ વાંસો મજબૂત બાંધી મેં તેના ઉપર મારા ઈષ્ટદેવનું નામ લઈને ઘા કર્યો અને તરત જ તે ઘા તેના શરીરમાં ઊતરી ગયો અને તે ભાગ્યો. ઘોડાનું કાઠું પણ બે કટકા થઈ પડ્યું."

સૌ આશ્ચર્ય પામ્યા ! વજેસિંહ બાપુએ વીર ભગુજીને શાલ ઓઢાડી નવાજ્યા. પછી ભગુજી દરબારગઢમાં ગયા અને વજેસિંહ બાપુ પોતાના રસાલા સાથે ભાવનગર જવા રવાના થયાં.

અનુસંધાન પેજ નબર - ૨૧ નું ચાલું...


સુધી મહારાજને વળાવવા આવ્યા હતા. તેમને મહારાજે અહીંથી રજા આપી.

અહીં વૈકુંઠાનંદ વર્ણીએ મહારાજ માટે **રસોઈ** બનાવી દીધી. તે મહારાજ પાસે આવ્યા. મહારાજે તરત જ કહ્યું : "આ સંતો અને કાઠી હરિભક્તો માટે જમવાની શું **વ્યવસ્થા** કરી છે ?" ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! તમામને માટે પણ રસોઈ તૈયાર છે. તેમને પણ હમણાં જમાડી દઈશું."

તે સાંભળી ભગવાન શ્રીહરિએ કહ્યું : "તો ભલે, તમામને જમવાનો બંદોબસ્ત થયો હોય તો જ અમારાથી જમાય." અહીં થોડો આરામ કરી મહાપ્રભુ શ્રીહરિ સં. ૧૮૮૫, ચૈત્ર સુદ પડવાને દિવસે **ભાવનગરમાં જયજયકાર** કરી **ગઢપુર** પધાર્યા.

**'ચૈત્ર શુદિ પડવે હતી જ્યારે, ગયા ગોવિંદ ગઢપુર ત્યારે; જન હરખિયા ગઢપુરવાસી, હતા હરિને વિજોગે ઉદાસી. ભગવત શુભ ભાવપત્તને જૈ, કરી જયકાર પધારિયા ખુશી થૈ; પછી ગઢપુરમાં વશા સુપ્રીતે, અમ ઉરમાંહિ વસોજી એ જ રીતે.'**


(શ્રીહરિલીલામૃત : ૯/૨/૬૮-૬૯)



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## મૂર્તિ પ્રતિષ્ઠા હાવતડ





ગઢડા પ્રદેશના હાવતડ (તા. લાઠી)ને આંગણે હરિમંદિરમાં ભગવાન શ્રીહરિના અર્ચાસ્વરૂપની પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## પદયાત્રા પાળજથી ગઢડા





પાળજથી ગઢડા સુધી યોજાયેલ પદયાત્રામાં દર્શન-આશીર્વાદ પાઠવતા પૂ.નાનાલાલજી મહારાજશ્રી.

## કથાપારાયણ ગઢડા






ગઢડાને આંગણે ભાવનગરનિવાસી હરિપ્રસાદભાઈ ઓઝાના યજમાનપદે યોજાયેલ કથાપારાયણમાં પધારેલ ધર્મકુળ પરિવાર.






સિમાડા-સુરત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલ ઠાકોરજી સમક્ષ અન્નકૂટોત્સવ તથા કેસરાદિક જળે વડે અભિષેક.






શ્રીરઘુવીરવાડી-વડતાલ ખાતે યોજાયેલ તુલસીવિવાહમાં પૂ.નાનાલાલજી મહારાજશ્રી, પૂ. બહેનશ્રીઓ વગેરે ધર્મકુળ પરિવાર.






વડતાલ પ્રદેશના વાંસખીલીયાને આંગણે યોજાયેલ તુલસીવિવાહમાં બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. બાળલાલજી મહારાજશ્રી વગેરે ધર્મકુળ પરિવાર.








અમરેલીને આંગણે શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ






ગઢડા પ્રદેશના શેડુભાર ગામને આંગણે પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ મહિલા મંદિરનો વાર્ષિક પાટોત્સવ






મોટાવરાછા-સુરત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાતી બાળ સત્સંગ સભામાં પધારતા પૂ. નાનાલાલજી મહારાજશ્રી.






સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ વચનામૃત જયંતી પ્રસંગે ઠાકોરજી પૂજન-અર્ચન કરતા પૂ. સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓ






હેરો-લંડનને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ વચનામૃત જયંતી પ્રસંગે ઠાકોરજી પૂજન-અર્ચન કરતા આજ્ઞા-ઉપાસના મંડળ સત્સંગ સમાજ

# હાર્દિક અભિનંદન



## સંપ્રદાયનું ગૌરવ

સરધાર મંદિર છાત્રાલયમાં રહીને રાજકોટ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી **આકાશ રમેશભાઈ રાદડીયા** (પીયાવા, અમરેલી)એ તાજેતરમાં બેંગલોર ખાતે યોજાયેલ **'ઓટોડેસ્ક - ૨૦૧૫' સ્પર્ધા**માં ડીઝાઈન કમ્પિટીશન પ્રેઝેન્ટેશનમાં ભાગ લીધો હતો. તેમાં **'સિલ્વર મેડલ'** પ્રાપ્ત કરીને સંપ્રદાય તથા પોતાના પરિવારનું નામ રોશન કર્યું છે તે બદલ ભગવાન શ્રીહરિ તેઓને ઉત્તરોતર જીવનમાં પ્રગતિ કરાવે તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવાર અને પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી આદિક સંત-પાર્ષદ મંડળના શુભાશિષ સહ તથા સરધાર મંદિર છાત્રાલયના દરેક વિદ્યાર્થીઓના હાર્દિક અભિનંદન.

## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે USA સત્સંગ વિચરણ દરમ્યાન યોજાયેલ હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી તસ્વીર દર્શન











## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે USA સત્સંગ વિચરણ દરમ્યાન યોજાયેલ હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી તસ્વીર દર્શન




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**નૂતન શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરીના પટાંગણમાં**

**પંચ દિનાત્મક સત્સંગ સમારોહ તથા સમૂહ મહાપૂજા**

તારીખ :- ૧૬ થી ૨૦ ૩-૨૦૧૬

:: પ્રયોજક તથા વક્તા ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**સ્થળ :- નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિર, બાલાકુંડ, પુરી-કોણાર્ક રોડ, જગન્નાથપુરી (ઓરીસ્સા)**

**વધુ માહિતી માટે સંપર્ક :- પૂ. પતિતપાવન સ્વામી** - મો. ૭૬૦૦૦૫૮૫૦૫ **રાજુભાઈ પટેલ** - મો. ૦૯૪૩૭૦૭૧૧૧૪૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા તથા કથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૩-૧-૨૦૧૬ થી<br>૯-૧-૨૦૧૬ | માગશર વદ - ૯ થી<br>માગશર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | **મુ. જોળ (વડતાલ)**, તા. જી. આણંદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૨. | ૧૧-૧-૨૦૧૬ થી<br>૧૯-૧-૨૦૧૬ | પોષ સુદ - ૨ થી<br>પોષ સુદ - ૧૦ | નૂતન મંદિર<br>શિલાન્યાસ મહોત્સવ | **શ્રી સ્વા. મંદિર**, માર્કેટીંગ યાર્ડની સામે, ચિત્રા **ભાવનગર**<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૦/૪૫ |
| ૩. | ૨૬-૧-૨૦૧૬ થી<br>૩૦-૧-૨૦૧૬ | પોષ વદ - ૨ થી<br>પોષ વદ - ૬ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>પોષ વદ - ૬ | મુ. **શ્રી સ્વા. મંદિર - ધારી ગુંદાળી**, તા. ભેંસાણ, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૮૩૬૩૯૦ |
| ૪. | ૯-૨-૨૦૧૬ થી<br>૧૫-૨-૨૦૧૬ | મહા સુદ - ૧ થી<br>મહા સુદ - ૮ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા સુદ - ૨ | મુ. **શ્રી સ્વા. મંદિર - રાણસીકી**, તા. ગોંડલ, જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૯૨૫૫૬૬૦૧૫, ૯૮૭૯૦૧૬૮૯૨ |
| ૫. | ૧૬-૨-૨૦૧૬ થી<br>૨૦-૨-૨૦૧૬ | મહા સુદ - ૯ થી<br>મહા સુદ - ૧૧ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા સુદ - ૧૧ | મુ. **શ્રી સ્વા. મંદિર - મેઘલપુર**, તા. સોજીત્રા, જી. આણંદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૧૪૨૭૫૮૭૭ |
| ૬. | ૨૫-૨-૨૦૧૬ થી<br>૨-૩-૨૦૧૬ | મહા વદ - ૩ થી<br>મહા વદ - ૮ | મંદિર પંચાબ્દી<br>મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - કાલોલ**, જી. પંચમહાલ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૩૭૬૧૭૭૫૯૯ |
| ૭. | ૧-૩-૨૦૧૬ થી<br>૫-૩-૨૦૧૬ | મહા વદ - ૭ થી<br>મહા વદ - ૧૧ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા વદ - ૧૧ | મુ. **શ્રી સ્વા. મંદિર - અભલોડ**, તા. જી. દાહોદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૩૭૨૪૯૭૭૨ |
| ૮. | ૫-૩-૨૦૧૬ થી<br>૯-૩-૨૦૧૬ | મહા વદ - ૧૧ થી<br>મહા વદ - ૩૦ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા વદ - ૧૧ | મુ. **શ્રી સ્વા. મંદિર - ખરોડ**, તા. લીમખેડા, જી. દાહોદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૭૮૨૫૫૭૩૩ |
| ૯. | ૧૧-૩-૨૦૧૬ થી<br>૧૫-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૩ થી<br>ફાગણ સુદ - ૭ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>ફાગણ સુદ - ૩ | મુ. **શ્રી સ્વા. મંદિર - સર**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૧૦. | ૧૧-૩-૨૦૧૬ થી<br>૧૫-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૩ થી<br>ફાગણ સુદ - ૭ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>ફાગણ સુદ - ૩ | મુ. **શ્રી સ્વા. મંદિર - ઉમરાળી**, તા. જસદણ, જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૧૧. | ૧૬-૩-૨૦૧૬ થી<br>૨૦-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૮ થી<br>ફાગણ સુદ - ૧૨ | સત્સંગ સમારોહ<br>સમૂહ મહાપૂજા | મુ. **નૂતન શ્રી સ્વા. મંદિર - જગન્નાથપુરી** (ઓરિસ્સા)<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૦૯૪૩૭૦૭૧૧૪૦ |
| ૧૨. | ૨૩-૪-૨૦૧૬ થી<br>૨૭-૪-૨૦૧૬ | ચૈત્ર વદ - ૧ થી<br>ચૈત્ર વદ - ૫ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - સરધાર**, તા.જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫ |
| ૧૩. | ૨૮-૪-૨૦૧૬ થી<br>૬-૫-૨૦૧૬ | ચૈત્ર વદ - ૬ થી<br>ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. **મોટા ઝીંઝુડા**, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૮૧૪૧૯૫૯૪૫૯ |
| ૧૪. | ૭-૫-૨૦૧૬ થી<br>૧૩-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૭ | પ્રથમ વાર્ષિક<br>પાટોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - પાદરીયા**, તા. જી. ભરુચ<br>સંપર્ક :- મો. ૯૯૨૫૯૨૮૦૨૨, ૯૪૨૯૪૨૭૧૦૦ |
| ૧૫. | ૧૫-૫-૨૦૧૬ થી<br>૨૧-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૯ થી<br>વૈશાખ સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. **શ્રી કુંજવિહારી વાડી, માંગરોળ રોડ, કેશોદ.**<br>સંપર્ક :- મો. ૯૯૭૮૭૦૯૦૦૯ |
| ૧૬. | ૧૫-૫-૨૦૧૬ થી<br>૨૧-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૯ થી<br>વૈશાખ સુદ - ૧૫ | વક્તા : પૂ. સ્વામી<br>શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મુ. **દેવનિકેતન આશ્રમ, ભુપતવાલા, હરિદ્વાર (ઉત્તરાખંડ)**<br>સંપર્ક :- મો. ૦૯૩૨૨૭૫૩૦૫૨, ૯૩૨૪૨૪૯૫૩૨ |


:: તારીખ :: ૩-૧-૨૦૧૬

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞા થી સુરત શહેરને આંગણે ધનુર્માસ અંતર્ગત
શ્રી હરિલીલામૃત કથા
એવમ્
દિવ્ય
શાકોત્સવ
વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી
તારીખ : ૨૮-૧૨ થી ૩-૧-૨૦૧૬
સમય : રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦
તારીખ : ૩ - ૧ - ૨૦૧૬
સાંજે ૦૪:૦૦ થી ૮:૦૦
:: સ્થળ ::
હરિકૃષ્ણ ગ્રાઉન્ડ, સ્વા. મંદિરની બાજુમાં,
બી.આર.ટી.એસ. રોડ,
યોગીચોક, સુરત.
નિમંત્રક :- શ્રી સ્વામિનારાયણ મંદિર સીમાડા, સત્સંગ સમાજ, સુરત
વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિઆચાર્ય પ.પૂ. ૧૦૮
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સત્સંગ પ્રવૃતિરત...
શ્રી સ્વામિનારાયણ મંદિર
રાધેપાર્ક રોડ (યોગીચોક), બી.આર.ટી.એસ. રોડ, વરાછા, સુરત
:: સંપર્ક ::
૮૦૦૦૦ ૫૮૫૦૩
પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, સરધાર
સત્સંગ સભા
દર મંગળવાર
સમય : રાત્રે ૯:૩૦ થી ૧૧
સત્સંગ સભા
દર એકાદશી
સમય : રાત્રે ૯:૩૦ થી ૧૧
મહિલા સત્સંગ સભા
દર એકાદશી
સમય : બપોર પછી ૩ થી ૫
બાળ સભા
દર રવિવાર
સમય : બપોર પછી ૪ થી ૬








વડતાલ-ગઢડાને આંગણે યોજાયેલ પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના લાલીરાજા પૂ. શ્રી રાજનંદિનીકુંવરબાનો જન્મોત્સવ






ખૈરા (બિહાર)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન હરિમંદિરનું ખાતમુહૂર્તવિધિ કરતા પૂ. સ્વામી










ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામ માંહિલું એક તીર્થ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે દસ માસ પર્યંત નિવાસ કરીને અધિક તીર્થત્વ આપ્યું છે એવા જગન્નાથપુરીને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના દિવ્ય સંકલ્પથી તૈયાર થનાર 'નૂતન શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર'ની પરીસરમાં બોર્ડનું અનાવરણ કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા જમીન માલિક શ્રીનિવાસજી સાહુ વગેરે હરિભક્તો. (તા. ૭-૧૨-૨૦૧૫)

Swaminarayan Chintan, December - 2015 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015_RNI No. GUJGUJ-2013/47868












પીપળ(ગઢડા)ને ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પ.ભ. શ્રી ભીમજીભાઈ છગનભાઈ કળથીયા સુપુત્રો તુષારભાઈ તથા ચિરાગભાઈ કળથીયા તથા શ્રી હસમુખભાઈ અમરશીભાઈ કળથીયા પરિવાર દ્વારા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૯ થી ૨૫-૧૨-૨૦૧૫)

## સ્વામિનારાયણ ચિંતન

If undelivered Please return to..
**Shree Swaminarayan Mandir,**
At : SARDHAR,
Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Ph. 0281 - 2781211, Mo. 7600058503
Visit us : www.sardharkatha.com, www.svg.org
E-mail :- chintankaryalay@gmail.com

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007